વ્યાકરણ. ૬૫૮૯

ગુજરાતી વ્યાકરણ કરતી વખતે ધ્યાનમાં રાખવા જોગ નિયમો.

તેની સાથે પદચ્છેદના થોડા નમુના.

:O:

ગુજરાતી ત્રીજા તથા ચોથા ધોરણ માટે.

સાતમી આવૃત્તિ વધારા તથા સુધારા સાથે.

રચનાર

હોરમજી ખ. ધાભર.

મુંબઇ, કોટની મ્યુનિસિપાલ ગુજરાતી સ્કૂલ

(નાo ૧ લા) ના હેડ માસ્તર

મુંબઇ:

ધી જ. ન. પીતીત પારસી ઑરફનેજ કેપતન પ્રીંટીંગ વરકસ.

૧૮૯૭.

કિંમત આના બે.

વ્યાકરણ.

ગુજરાતી વ્યાકરણ કરતી વખતે ધ્યાનમાં રાખવા જોગ નિયમો.

તેની સાથે પદચ્છેદના થોડા નમુના.

ગુજરાતી ત્રીજા તથા ચોથા ધોરણ માટે.

સાતમી આવૃત્તિ વધારા તથા સુધારા સાથે.

રચનાર

હોરમજી ખ. ધાભર.

મુંબઇ, કોટની મ્યુનિસિપાલ ગુજરાતી સ્કૂલ

(ના૦ ૧ લા) ના હેડ માસ્તર

મુંબઇ:

શ્રી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઓરફનેજ

કેપટન પ્રીન્ટીંગ વર્કસ.

૧૮૯૭.

કિંમત આના બે.

પ્રસતાવના.

નિશાળોમાં શીખાતી બધી બાબદોમાં પદચ્છેદ છોકરાઓને ઘણું કઠણ લાગેછે. પણ જો શિક્ષક, પદચ્છેદ કરવામાં જે જે બાબત ધ્યાનમાં રાખવાની છે તે, છોકરાઓના મન ઉપર પેહેલાં ઠસાવે તો પછી દરેક શબ્દનું પદચ્છેદ કંઇ પણ ગુચવણ વગર તેઓ કર્યા જશે.

"ડાહ્યા છોકરાએ કામ કર્યું." હવે જ્યારે કોઇ છોકરો એ શબ્દોનું પદચ્છેદ કરે તે વખતે તેને આવી રીતે સવાલ પુછવા: **ડાહ્યા** વિશેષણ શા માટે? નર જાતિ કેમ થઇ? **કર્યું** ત્રીજો પુરૂષ શા માટે? કર્મણિ પ્રયોગ કેમ થયો? એનો કર્તરિપ્રયોગ બનાવ? આ પ્રમાણે સવાલ પુછવાથી છોકરાઓના મનમાં વ્યાકરણના નિયમો હમેશાં તાજા રહેશે

ત્રીજા ધોરણમાં છોકરાઓને માત્ર શબ્દના વર્ગજ ઓળખતા શીખવાના છે. તેથી તેમને વ્યાકરણની કલમ ૨૨ થી ૨૭ મી કલમ સુધી સમજ પાડી મોઢે કરાવવી તેમાં દરેક વર્ગના દાખલા મોઢે કરશે તો વાંચનની ચોપડીમાંથી શબ્દનાં વર્ગ ઓળખતાં તેમને અડચણ પડશે નહીં.

આ વ્યાકરણ માટે ટેલર સાહેબના, હોપ સાહેબના, રા૦ રા૦ હરગોવીંદ તથા લાલશંકરના અને રાવ સાહેબ મહિપતરામના વ્યાકરણોની મેં ઘણી મદદ લીધી છે.

હો. ખ. ધાભર.

સાંકળિયું.

———:0:———

ગૂજરાતી ભાષાનું વ્યાકરણ.

૧. **ભાષા:** જે સ્પષ્ટ ઉચ્ચાર વડે માણસો પોતાનો મનોભાવ એક બીજાને જણાવે છે તેને **ભાષા** કહે છે.

૨. **વ્યાકરણ:** ભાષા કેવી રીતે શુદ્ધ બોલવી તથા લખવી તેના નિયમોને **વ્યાકરણ** કહે છે.

૩. ગૂજરાતી ભાષાનાં વ્યાકરણના ત્રણ ભાગ છે: **અક્ષર-વિચાર, શબ્દવિચાર** અને **વાક્યવિચાર.**

૪. આપણા મૂખે કરીને જે જૂદાં જૂદાં અને ટુંકા ટુંકા ઉચ્ચારો થાય છે તે ઉચ્ચારોને **અક્ષર** કહે છે.

૫. એક અથવા વધારે અક્ષર સાથે આવ્યાથી કાંઇ પણ અર્થ ઉત્પન્ન થાય તો તેને **શબ્દ** કહે છે.

૬. એક અથવા વધારે શબ્દ મળ્યાથી પૂરો અર્થ ઉત્પન્ન થાય તો તેને **વાક્ય** કહે છે.

૭. ભાષામાં અક્ષર કેટલા છે તેઓ કેવી રીતે લખાય છે અને તેઓ ક્યાં ક્યાં સ્થાનથી બોલાય છે તે **અક્ષરવિચાર** શીખવે છે.

૮. શબ્દના વર્ગો, અને તેઓનાં જૂદાં જૂદાં રૂપો કેમ થાય છે તે **શબ્દવિચાર** શીખવે છે.

૯. શી રીતે શબ્દ રચના કરી વાક્ય બનાવવું તે **વાક્યવિચાર** શીખવે છે.

અક્ષરવિચાર.

૧૦. **અક્ષરવિચાર:** અક્ષરના બે ભાગ છે: **મૂળાક્ષર** અને **જોડાક્ષર.**

૧૧. મૂળાક્ષર બે પ્રકારના છે: **સ્વર** અને **વ્યંજન.**

૧૨. **સ્વર:** જે અક્ષરોનો ઉચ્ચાર બીજા અક્ષરોની મદદ વિના થઇ શકે છે તેને **સ્વર** કહે છે.

૧૩. **વ્યંજન:** જે અક્ષરોના ઉચ્ચાર સ્વરોની સહાયતા વિના થતા નથી તેને **વ્યંજન** કહે છે.

૧૪. નીચેના અક્ષરો સ્વર છે:—અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, આં.—અ, ઇ, ઉ, **હ્રસ્વ** છે; અને બાકીના **દીર્ઘ** છે.

૧૫. નીચલા અક્ષરો **વ્યંજન** છે:—ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ.

ક્ષ અને જ્ઞ મૂળાક્ષરોમાં ગણેલા છે, પણ ખરૂં જોતાં તેઓ જોડાક્ષર છે. ક અને ષ મળી ક્ષ થાય છે; અને જ અને ઞ મળીને જ્ઞ થાયછે.

૧૬. અક્ષરોનાં નીચે પ્રમાણે સ્થાન થાયછે.

કંઠસ્થાની..............ક, ખ, ગ, ઘ, ઙ, હ, અ, આ,
તાળુસ્થાની ....ચ, છ, જ, ઝ, ઞ, ય, શ, ઇ, ઈ
મૂર્દ્ધાસ્થાની ....ટ, ઠ, ડ, ઢ, ણ, ર, ષ, ળ, ઋ.
દંતસ્થાની ....ત, થ, દ, ધ ન, લ, સ.
ઓષ્ઠસ્થાની ....પ, ફ, બ, ભ, મ, ઉ, ઊ.
કંઠતાળવ્યસ્થાની......એ, ઐ.
કંઠોષ્ઠસ્થાની ....ઓ, ઔ.
દંતોષ્ઠસ્થાની ....વ.

૧૭. સ્વરો જ્યારે વ્યંજન સાથે લખાયછે ત્યારે નીચે પ્રમાણે તેમના આકાર થાય છે;—

	અની નીશાની નથી............	ક્+અ=ક.
ા	કાનો	ક્+આ=કા.
િ	હ્રસ્વ અજ્જુ..............	ક્+ઇ=કિ.
ી	દીર્ઘ અજ્જુ...............	ક્+ઈ=કી.
ુ	હ્રસ્વ વરડુ	ક્+ઉ=કુ.
ૂ	દીર્ઘ વરડુ	ક્+ઊ=કૂ.
ૃ	ઋકાર	ક્+ઋ=કૃ.
ે	એક માત્ર	ક્+એ=કે.
ૈ	બે માત્ર................	ક્+ઐ=કૈ.
ો	માત્ર કાનો	ક્+ઓ=કો.
ૌ	બે માત્ર કાનો	ક્+ઔ=કૌ.
ં	અનુસ્વાર	કં.

આવી રીતે વ્યંજનો જોડાયલા હોય તો તેને **બારાખડી** કહે છે.

૧૮. અક્ષરની ઉપર જે (ં) બિંદું તે **અનુસ્વાર**, અક્ષરની જમણે હાથે જે બે બિંદાં તે **વિસર્ગ** કહેવાય છે. (દુ:ખ)

૧૯. ઙ, ઞ, ણ, ન, મ, **અનુનાસિક** છે, કારણ કે તેમનો ઉચ્ચાર નાક વાટે થાય છે.

૨૦. બે કે વધારે અક્ષરો સાથે મળે તો તેને **સંધિ** કહે છે. સંધિના ચાર પ્રકાર છેઃ—**સ્વરસંધિ, વ્યંજનસંધિ, અનુસ્વાર સંધિ,** અને **વિસર્ગસંધિ.**

સ્વરને સ્વર મળે તો **સ્વરસંધિ;** જેમકે, શબ્દ+અર્થ=શબ્દાર્થ ગંગા+ઉદક=ગંગોદક; પ્રતિ+એક=પ્રત્યેક.

વ્યંજનને વ્યંજન સાથે મળે તો **વ્યંજનસંધિ;** જેમકે, જગત્+પતિ=જગત્પતિ; અત્+શેર=અચ્છેર.

અનુસ્વાર પછી કોઇ અક્ષર આવે તો તે બેના મળવાથી જે રૂપ થાય તેને **અનુસ્વારસંધિ** કહેછે; જેમકે, સં + આચાર=સમાચાર; સં + તાપ=સન્તાપ.

વિસર્ગ પછી બીજો કોઇ અક્ષર આવે તો તે બેના મેળાપથી જે રૂપ બને તેને **વિસર્ગસંધિ** કહે છે; જેમકે નિઃ + દય=નિર્દય; નિઃ + આધાર=નિરાધાર.

૨૧. જ્યારે બે અથવા વધારે વ્યંજન સાથે આવે અને તે વ્યંજનની વચ્ચે કોઇ સ્વર ન હોય ત્યારે **જોડાક્ષર** થાય છે. જેમ ક્ અને ષ ક્ષ. ક્ અને ત ક્ત, ક્ અને ર ક્ર. ત્ અને ત ત્ત, ત્ અને ન ત્ન, ત્ અને ય ત્ય, ત્ અને ર ત્ર, સ્ અને ત સ્ત, સ્ ત્ અને ર સ્ત્ર હ્ અને ય હ્ય, ઠ્ અને ઠ ઠ્ઠ, ષ્ અને ટ ષ્ટ, ર્ અને મ ર્મ.

શબ્દ વિચાર.

૨૨. ગુજરાતી ભાષાના શબ્દોના મુખ્ય પાંચ વર્ગ છે: **નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ,** અને **અવ્યય**.

૨૩. **નામ:** જે શબ્દથી પ્રાણી, વસ્તુ ગુણ વગેરે ઓળખાય તે શબ્દને **નામ** કહે છે જેમ માણસ, ઘોડો, ચોપડી, ઘર, સુરત, વનરાજ, રતાશ, મોટાઇ વગેરે.

નામના બીજા દાખલા:—ખેડુત, માછલી, અનાજ, ફળ, કેરી, બાજી, બોર, ઘી, ખાંડ, રંછોડ, તાપી, હિમાળય, સીદ્ધરાજ, વાત, કિંમત, કાયદો, નુકસાન, ફાયદો, ડહાપણ, વિચાર.

૨૪. **સર્વનામઃ** જે શબ્દ નામને બદલે મુકવામાં આવેછે તેને **સર્વનામ** કહેછે. જેમ **તેણે** પૈસા આપ્યા; **હુ** આવુ છુ; **તું** પાઠ વાંચે છે; આ દાખલામાં તેણે, હું, તું, સર્વનામ છે.

સર્વનામના બીજા દાખલાઃ—હું, મને, મેં, મારે, મારાથી, મારે, મારામાં, અમે, અમને, અમારે. અમારેથી, અમારો, અમારામાં, તું, તને, તારે, તારાથી, તારો, તારામાં, તમે, તમને, તમારે, તમારાથી, તમારો, તમારામાં, તે, તેને, તેણે, તેથી. તેનો, તેમાં, તેઓ, તેમને, તેમણે, તેઓએ, તેઓને, તેઓથી, તેમનો, તેઓમાં, આપણુ, આપણે, આપ, પોતે, કોણ, આ, એ, પેલો, ઓલ્યો, ફલાણો, શું, કયો, જે, કોઈ કેટલા.

૨૫. **વિશેષણઃ** જે શબ્દ નામનો ગુણ બતલાવે તે શબ્દને **વિશેષણ** કહેછે, જેમ **મોટો** છોકરો; **બે** માણસ; **હુશીઆર** છોકરી,

વિશેષણના બીજા દાખલાઃ—ભલો, ધોળું, લાલ, કોળું, [illegible]ના, ઉંચું. અભાગુ, સોનેરી, ઉદયોગી, ઢોંગી, સ્વાર્થી, આળસુ, મેહેનતુ, પરગજુ. એક. બે, પેહેલું, બીજુ.

૨૬. **ક્રિયાપદઃ** કોઇ પ્રાણી અથવા ચીજ શું કરે છે, અથવા કેવી સ્થિતિમાં છે તે જણાવનાર શબ્દને **ક્રિયાપદ** કહે છે; જેમ રાજા **બેઠો** છે; છોકરી **વાંચે** છે; ગાયે પાણી **પીધું**; હું કાલે ગામ **જઈશ.**

ક્રિયાપદના બીજા દાખલાઃ—કહે, કહેછે, કહ્યું, કહેશે, કર, કરે છે, કર્યું, કરશે, ખા, ખાયછે, ખાધું, ખાશે, કાઢ, કાઢેછે, કાઢયું, કાઢશે, વાંચ. વાંચેછે, વાંચ્યું, વાંચશે, કુદ, કુદેછે, કુદયું, કુદશે, થા, થાયછે, થયું, થશે, રહે, રહેછે, રહ્યું, રહેશે, આવ, આવેછે, આવ્યું, આવશે.

કૃદંતઃ ક્રિયાપદના ધાતુને કાંઇ પ્રત્યય લાગીને જે જુદા જુદા શબ્દ થાયછે તેને કૃદંત કહેછેઃ કૃદંતમાં ક્રિયાપદના જેવો પુરો અર્થ રહેતો નથી (ક. ૧૨૯) કૃદંતના દાખલાઃ વાંચવા, વાંચવી; વાંચવું, વાંચવો; વાંચતા. વાંચતી, વાચતું, વાંચતો; વાંચેલા, વાંચેલી, વાંચેલું, વાંચેલો; વાંચી. વાંચીને, વાંચ્યાથી, વાંચ્યામાં, વાંચ્યાને, વાંચ્યા પછી; (ક. ૧૩૮)

૨૭. **અવ્યય:** જે શબ્દના રૂપમાં કાંઇ ફેરફાર થતો નથી (એટલે જે શબ્દને જાતિ વિભક્તિ અથવા વચન લાગતું નથી.) તેને **અવ્યય** કહે છે; જેમ, અથવા, પણ, ને, અને, સારૂં, માટે, ના, નહીં રે, ઓહો, અરે, પછી, આગળ, નહીંતો, કેમકે, કદાચ, એટલે, અગરજો, કે, જે, તો, જો, અગર, પરંતુ, રખેને, તોપણ, કારણકે, વળી, વાસ્તે, અગાઉ, અંદર, આગળ, ઉપર, કને, ગમ, જોડે, તરફ, નીચે, પુંઠે, પાછળ, પાસે, પેહેલાં, બાહાર, વતી, કરતાં, વડે, લીધે, કરીને, બદલે, હમણા, અત્યારે, ક્યારે, જ્યારે, ત્યારે, હવે, હમેશાં, આજ, વળતી, હજી, તરત, પ્રથમ, આખરે, રોજ, નિત્ય, વારંવાર, ત્યાં, જ્યાં, ક્યાં, હાં, આમ, તેમ, એમ, જેમ, કેમ.

૨૮. નામ ત્રણ જાતનાં છે; **વિશેષનામ, સામાન્યનામ** અને **ભાવવાચકનામ.**

૨૯. **વિશેષનામ:** ચોકસ જગ્યા અથવા ચોકસ માણસને જે નામ આપેલું હોય તેને **વિશેષનામ** કહેછે. વિશેષનામમાં માણસનાં નામ, ખંડ શેહેર, દેશ, ગામ, પાહાડ, નદી, તાપુનાં નામ (નકશામાં જે નામો આવેલાં હોય તે) અને કોઇ ચીજનાં અથવા પ્રાણીનાં ખાસ નામ આવે છે; જેમ નરોતમ, કાવસજી, એશિઆ, અમદાવાદ, ગીરનાર, તાપી, કોહીનુર,

૩૦. **સામાન્યનામ:** એક વર્ગની કોઇ પણ ચીજને જે નામ લાગે તે **સામાન્યનામ** છે; જેમ, શેહેર, બ્રાહ્મણ, માણસ, હીરો, વડ, ઘોડો, ફળ, ગગન વગેરે (જે નામને હાથ લગાડી શકીએ અથવા જોઇ શકીએ તે સામાન્યનામ છે.)

૩૧. **ભાવવાચક:** ગુણના જે નામો અથવા જે નામો આપણે જોઇ શકતા નથી અથવા હાથ લગાડી શકતા નથી તે **ભાવવાચકનામ** છે; જેમ મીઠાશ, મોટાઇ, રતાશ, શુરાતન, વિધ્યા, મદદ, માર, ખપ વગેરે.

જે નામને **પણ** કે **પણું** લાગેલો હોય તો તે નામ ઘણાખરૂ ભાવવાચક છે:—ગળપણ, શાણપણ, મોટપણ, ડહાપણ, સગપણ, ઘડપણ, દાસપણું, કવિપણું, જંગલીપણું.

૩૨. નામને જાતિ વિભક્તિ અને વચન લાગે છે.

—— :o: ——

જાતિ.

૩૩. જાતિ ત્રણ છે: **નરજાતિ, નારીજાતિ** અને **નાન્યતરજાતિ.**

૩૪. **નરજાતિ:** જે નામ નરની પેઠે બોલાય, અથવા જેને કેવો કે કેવા લાગે છે તે **નરજાતિ** છે. જેમ છોકરો, પહાડ, વાઘ, કુવો, હુકમ, ધર્મ, રાજા, લાડુ, ખડીઓ, ખો, ગડગડાટ, સોમ, માગશર, હિમાળય, ભાઈ, માળી.

૩૫. **નારીજાતિ:** જે શબ્દ નારી અથવા સ્ત્રીની માફક બોલાય અથવા જેને કેવી લાગે તે **નારીજાતિ** છે. જેમ વાડી, કેરી, ચોપડી, વીજળી, શીખામણ, જુ, વાત, ગંગા, ગાય, લેખણ, માયા, જમો, સાંજ, તાપી, પૃથ્વી, પ્રજા, સરસતા, ગડબડ.

૩૬. **નાન્યતરજાતિ:** જે શબ્દ નર અથવા નારી જાતિનો ન હોય અથવા જેને કેવું કે કેવાં લાગે તે **નાન્યતરજાતિ** છે. જેમ, જંગલ, મેદાન, જનાવર, છોકરું, છાપરું, ડહાપણ, લીંબુ, પશુ, અમદાવાદ, ઘી, મરી, મહો.

૩૭. ઘણું કરીને જે નામને છેડે **ઓ** હોય તે નરજાતિ, જેને છેડે ઈ હોય તે નારીજાતિ, અને જેને છેડે ઉ લાગે તે **નાન્યતરજાતિ છે.**

૩૮. **સામાન્યજાતિ:** જે શબ્દની જાતિ નર, નારી, કે નાન્યતર નહીં માલમ પડે તો તેની સામાન્યજાતિ કરવી; જેમ હું તને રૂપીઓ આપું છું, કોઇ આવે છે; આ દાખલામાં હું, તેને કોઈ, સામાન્યજાતિમાં છે.

——:o:——

વચન.

૩૯. વચન બે છે: **એકવચન** અને **બહુવચન.**

૪૦ **એકવચન:** જે શબ્દમાં એકપણાનો અર્થ હોય અથવા એકજ ચીજ બતાવે તે એકવચન છે. જેમ, છોકરો, ચોપડી, ઘડીઆળ.

૪૧. **બહુવચન:** જે શબ્દમાં એક કરતાં વધારે ચીજના અર્થ આવે છે. અથવા જે શબ્દ એક કરતાં વધારે ચીજ દેખાડે છે તે બહુવચન છે; જેમ છોકરાઓ, ચોપડીઓ, ઘડીઆળો.

૪૨. નરજાતિના જે નામને છેડે ઓ કે યો આવે છે તો ઓ અને યો બહુવચનમાં આ કે યા થાય છે, જેમ છોકરો-છોકરા કે છોકરાઓ, ઘોડો-ઘોડા કે ઘોડાઓ, બળદીયો—બળદીયા.

૪૩. નાન્યતરજાતિના નામને છેડે ઉ આવેલો હોય તો તેનું બહુવચન આં થી થાય છે. જેમ ઈંડું ઈંડાં, છોકરું, છોકરાં, કુતરૂં કુતરાં.

૪૪. જે નામને છેડે ઈ આવે તો તેનું બહુવચન ઓ ઉમેરવાથી થાય છે; જેમ હાથી-હાથીઓ માળી-માળીઓ.

૪૫. વાળ, દાણા, પાણી, રૂ, સોનું, રૂપું, ડાહ્યપણ, નીતિ, ઇચ્છા વગેરે નામો એકવચનમાંજ વપરાય છે; પણ જ્યારે પદાર્થની જુદી જુદી મતો દેખાડવી હોય તો ઉપલાં નામો બહુવચનમાં આવે છે; જેમ મેં બે કુવાનાં પાણી પીધાં.

૪૬. મરી, તલ, ઘઉં, મગ, અડદ, ફાંફાં વગેરે નામો બહુ વચનમાંજ રહે છે.

———:o:———

વિભક્તિ.

૪૭. **વિભક્તિ**: વાક્યમાં દરેક શબ્દ એક બીજાની સાથે જે સંબંધ રાખે છે ને તે સંબંધ જે પ્રત્યયથી જણાય છે તે પ્રત્યયને **વિભક્તિ** કહે છે.

શબ્દને જમણે હાથે એક અથવા વધારે અક્ષર મુકવામાં આવે છે તેને **પ્રત્યય** કહે છે; ઘરમાં, છોકરાને, એ શબ્દોમાં માં, ને પ્રત્યય છે.

શબ્દને ડાબે હાથે એક કે વધારે અક્ષર મુકવામાં આવે તે **ઉપસર્ગ** કહેવાય છે; ગેરહાજર, એમાં ગેર ઉપસર્ગ છે.

૪૮. વિભક્તિ સાત છે. પેહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી.

૪૯. પેહેલી વિભક્તિનો પ્રત્યય કાંઇ નથી.
બીજીનો પ્રત્યય ને.
ત્રીજીનો પ્રત્યય એ.
ચોથીનો પ્રત્યય ને.
પાંચમીનો પ્રત્યય થી, થકી.
છઠ્ઠીનો પ્રત્યય નો, ની, નું, ના, નાં.
સાતમીનો પ્રત્યય માં અને એ.

સાતમી વિભક્તિનો પ્રત્યય એનો અર્થ ઉપર, આગળ, માં, થતો હોય તો તે નામની વિભક્તિ સાતમી કરવી; નહીતો ત્રીજી કરવી; જેમ, રાજા ગાડીએ બેઠા; તે ઘોડે બેસી આવ્યો; વીજળી બારીએ ઉભી હતી; તે ચીજ ઘણે ઠેકાણે મળે છે.

બીજીનો પ્રત્યય **ને** છે અને ચોથીનો પ્રત્યય પણ **ને** છે, માટે જે નામને **ને** લાગ્યો હોય તે નામની પછી માટે, કાજે, વાસ્તે, સારૂ, લીધે, એવા શબ્દ આવ્યા હોય તો તે નામની ચોથી વિભક્તિ કરવી ; જેમ, રંછોડને માટે ચોપડી લાવજે; મેહેતાજીએ છોકરાને સારૂ કલમ આણી.

૫૦. નામને એક વચન અને બહુ વચનમાં વિભક્તિના પ્રત્યય આ પ્રમાણે લાગે છે:—

	એકવચન.	બહુવચન.
૧ લી વિ૦	ચોપડી.	ચોપડીઓ.
૨ જી વિ૦	ચોપડીને.	ચોપડીઓને.
૩ જી વિ૦	ચોપડીએ.	ચોપડીઓએ.
૪ થી વિ૦	ચોપડીને.	ચોપડીઓને.
૫ મી વિ૦	ચોપડીથી.	ચોપડીઓથી.
૬ ઠી વિ૦	ચોપડીનો, ની, નું, ના નાં.	ચોપડીઓનો, ની, નું, ના, નાં
૭ મી વિ૦	ચોપડીમાં.	ચોપડીઓમાં.

૫૧. એક આઠમી વિભક્તિ છે જેને **સંબોધન** કહે છે. એ વિભક્તિ જ્યારે કોઇને નામ દઈ બોલાવતા હોઇએ ત્યારે વપરાય છે. જેમ **ઇશ્વર** અખૂટ દોલત એને આપજો; **છોકરા**, થોડું પાણી લાવ; **ભાઈ,** કેમ રડે છે; સારૂં થયું કે તેં એ વાત કાઢી **બેટા;** ઉમરાઓએ એને કહ્યું કે **સાહેબ,** એમને છોડવા ન જોઇએ ; ન્યાયધીશે કહ્યું, **કુંવરજી** આવી બેઅદબી ને તોફાન અહીંઆં આપને કરવું ન ઘટે.

———:o:———

સર્વનામ.

૫૨. **સર્વનામ:** જે શબ્દ નામને બદલે મૂકવામાં આવે છે તે શબ્દને **સર્વનામ** કહે છે.

૫૩. સર્વનામના પાંચ વર્ગ કર્યા છે: **પુરૂષ સર્વનામ, દર્શક સર્વનામ, પ્રશ્નાર્થક સર્વનામ, સંબંધી સર્વનામ અને સામાન્ય** કે **અનિશ્ચિત સર્વનામ.**

૫૪. **પુરૂષ સર્વનામ:** હું, તું, તે.

૫૫. **દર્શક સર્વનામ:** આ, એ, પેલો, ઓલ્યો, તે.

૫૬. **પ્રશ્નાર્થક સર્વનામ:** કોણ, કયો, શું.

૫૭. **સંબંધી સર્વનામ:** જે, તે.

૫૮. **સામાન્ય સર્વનામ:** કોઇ, કોઇએક, કંઇ, હરકોઇ અમુક, ફલાણું, હરેક, દરેક, સર્વ, સહુ, કેટલા, સઘળા, બધું.

૫૯. હું પેહેલો પુરૂષ સર્વનામ. તું બીજો પુરૂષ સર્વનામ, અને તે ત્રીજો પુરૂષ સર્વનામ છે. બોલનાર માણસ પોતાને માટે જે સર્વનામ વાપરે તે પેહેલા પુરૂષ કહેવાય છે; બોલનાર માણસ વાત સાંભળનાર માણસને માટે જે સર્વનામ વાપરે તે બીજો પુરૂષ સર્વનામ છે; બોલનાર માણસ બીજા કોઇ પુરૂષ અથવા ચીજ વિશે બોલતો હોય અને તેને માટે જે સર્વનામ વાપરે તે ત્રીજો પુરૂષ સર્વનામ છે.

૬૦. સર્વનામના રૂપ (એટલે સર્વનામને એકવચન અને બહુવચનમાં સાત વિભક્તિ લગાડવી.)

પેહેલા પુરૂષ હું.

વિ०	એકવચન.	બહુવચન.
૧.	હું....................	અમે,–અમો, આપણે.
૨.	મને,–મુજને,–મારે......	અમને, અમોને, અમારે, આપણને.
૩.	મેં–મારે................	અમે,–અમોએ, અમારે, આપણે.
૪.	મને,–મુજને, મારે.....	અમને,–અમારે, અમોને આપણને.
૫.	મારાથી,–મજથી	અમારાથી,–અમોથી, આપણાથી.
૬.	મારો,–રી, રૂં, રા, રાં...	અમારો,–રી, રૂં, રા, રાં, આપણો, ણી, ણું, ણા, ણાં.
૭.	મારામાં,–મુજમાં......	અમારામાં,–આપણામાં.

૬૧. બોલનાર માણસ પોતાની સાથેનાં બીજા માણસને પણ સામેલ કરીને બોલે છે ત્યારે આપણ અથવા આપણેનું રૂપ વાપરવામાં આવે છે.

૬૨. બીજો પુરુષ તું.

વિ०	એકવચન.	બહુવચન.
૧.	તું	તમે,–તમો. આપ.
૨.	તને, તારે, તુજને	તમને–તમારે. આપને.
૩.	તેં,–તારે	તમે,–તમારે, આપે.
૪.	તને,–તારે, તુજને	તમને,–તમારે, આપને.
૫.	તારાથી,–તુજથી	તમારાથી,–આપથી.
૬.	તારો,–રી, રૂં, રા, રાં, તુજ	તમારો,–રી, રૂં. રા, રાં, આપનો.
૭.	તારામાં,–તુંજમાં	તમારામાં,–આપમાં.

૬૩. મોટા માણસની સાથે વાત કરવામાં તમેને બદલે આપ શબ્દ વાપરવામાં આવે છે.

૬૪. ત્રીજો પુરુષ તે.

વિ०	એકવચન.	બહુ વચન.
૧.	તે	તેઓ,–તે.
૨.	તેને	તેઓને.–તમને.
૩.	તેણે	તેઓએ,- તેમણે.
૪.	તેને	તેઓને, તેમને.
૫.	તેથી	તેઓથી,–તેમનાથી.
૬.	તેનો, ની, નું, ના, નાં	તેઓનો,–તેમનો ની, નું, ના, નાં.
૭.	તેમાં	તેઓમાં,–તેમનામાં.

૬૫. પોતે **સ્વાર્થ સર્વનામ** છે; એકવચન અને બહુવચનમાં એનાં રૂપ સરખાં છે અને નીચે પ્રમાણે વિભક્તિ લાગે છે:—

૬૫. પોતેનાં રૂપ.

વિ૦

૧. પોતે.
૨. પોતાને.
૩. પોતે.
૪. પોતાને.
૫. પોતાથી.
૬. પોતાનો, ની, નું, ના, નાં.
૭. પોતામાં.

૬૬. કોણનાં રૂપ.

વિ૦

૧. કોણ.
૨. કોણને, કોને, કેને.
૩. કોણે, કેણે.
૪. કોણને, કોને, કેને.
૫. કોણથી, કોનાથી, કેનાથી.
૬. કોણનો, કોનો, કેનો.
૭. કોણમાં, કોનામાં, કેનામાં.

૬૭. શુંના રૂપ.

વિ૦

૧. શું, શો.
૨. શાને, શેને,
૩. શાણે, શેણે.
૪. શાને, શેને.
૫. શાથી, શેથી.
૬. શાનો, શેનો.
૭. શામાં, શેમાં.

૬૮. કોઇના રૂપ.

વિ૦

૧. કોઇ.
૨. કોઇને.
૩. કોઈએ.
૪. કોઇને.
૫. કોઇથી.
૬. કોઇનો.
૭. કોઇમાં.

૬૯. શું નું બહુવચન શાં થાય છે; અને શોનું બહુવચન શા થાય છે.

કોઇનાં રૂપ બંને વચનમાં સરખાં છે.

૭૦. જે તથા એ ના રૂપ.

વિ૦	એકવચન.	બહુવચન.
૧.	જે..................................	જેઓ, જે.
૨.	જેને	જેઓને, જેમને.
૩.	જેણે	જેઓએ, જેમણે.
૪.	જેને	જેઓને, જેમને.
૫.	જેથી	જેઓથી, જેમનાથી.
૬.	જેનો	જેઓનો, જેમનો.
૭.	જેમાં	જેઓમાં, જેમનામાં.

૭૧. બીજાં સર્વનામને એજ પ્રમાણે વિભક્તિ લગાડવામાં આવે છે.

૭૨. દર્શક સર્વનામ, પ્રશ્નાર્થક સર્વનામ, સંબંધી સર્વનામ, અને સામાન્ય સર્વનામની પાસે જો નામ આવે તો દર્શક, પ્રશ્નાર્થક, સંબંધી કે સામાન્ય વિશેષણ કરવું. જેમ એ છોકરો, કયો છોકરો, જે છોકરો, કેટલા છોકરા.

૭૩. સર્વનામ જે નામને બદલે મૂકવામાં આવે તે નામની જાતી અને વચન તે સર્વનામને લાગે છે.

૭૪. **પોતે, આપણે, તમે, અમે,** એ સર્વનામોની પેહેલી તથા બીજી વિભક્તિ સરખીજ છે; માટે એ સર્વનામની વીભક્તિ જાણવી હોય તો તે સર્વનામને બદલે કોઇ નામ મૂકી જોવું અને તે નામ જે વિભક્તિમાં બરાબર વાકયમાં બોલાય તો તે વિભક્તિ એ સર્વનામની કરવી. જેમ **આપણે** કામ કર્યું; જો એમાં આપણેને બદલે કોઈ નામ મૂકીએ તો છોકરાઓએ કામ કર્યું; એમ બરાબર વાકય બોલાય છે; છોકરાઓ કામ કર્યું એમ બોલાતું નથી; માટે આપણે ત્રીજી વિભક્તિ છે. **આપણે** બોલ્યા એમાં છોકરાઓ બોલ્યા એમ બરાબર બોલાય છે;

અને છોકરાઓએ બોલ્યા એમ બોલાતું નથી, માટે આપણે પેહેલી વિભક્તિ છે. **પોતે** કે **તમે** કામ કર્યું; એમાં છોકરાઓએ કામ કર્યું બોલાય છે માટે પોતે અને તમે ત્રીજી વિભક્તિમાં છે.

૭૫. દર્શક સર્વનામ આ, એ, તે, ઉપરથી, આવો, એવો, તેવો, આવડો, એવડો, તેવડો, આટલો, એટલો એવાં રૂપ થાય છે; એ રૂપો ઘણાંખરાં વિશેષણ રૂપે વપરાય છે. સંબંધી સર્વનામ જે ઉપરથી જેવું, જેવડું, જેટલું, એવાં રૂપ થાય છે; એ સર્વનામની પછવાડે દર્શક સર્વનામ તેવું, તેવડું, તેટલું, અનુક્રમે આવે છે.

વિશેષણ.

૭૬. જે શબ્દ નામનો ગુણ, સંખ્યા વગેરે બતાવે છે તેને **વિશેષણ** કહે છે. જેમ ડાહ્યો છોકરો, પાંચ છોકરા; સાતમી ચોપડી. એમાં ડાહ્યો ગુણ વિશેષણ ને પાંચ સંખ્યા વિશેષણ છે. અને સાતમી સંખ્યા અનુક્રમ વિશેષણ છે.

૭૭. વિશેષણ જે નામનો ગુણ બતાવે તે નામ તેનું વિશેષ્ય કહેવાય છે. જેમ ડાહ્યો છોકરો અને પાંચ છોકરા; એમાં છોકરો અને છોકરા વિશેષ્ય છે.

૭૮. વિશેષણ જે નામનો ગુણ બતાવે તે નામની એટલે તેના વિશેષ્યની જાતિ, વિભક્તિ અને વચન વિશેષણને લાગે છે. જેમ વીજળી કરીને તેની મોટી બેન હતી, એમાં **મોટી** નારીજાતિ, પેહેલી વિભક્તિ અને એક વચનમાં છે.

૭૯. વિશેષણ ઘણું ખરૂં નામની પેહેલાં મૂકવામાં આવે છે, પણ કોઈ વેળા વિશેષણ જે નામનો ગુણ બતાવે તે નામથી ઘણું દૂર મૂકવામાં આવે છે; જેમ ઠાકોરે **આ બધી** વાત સાંભળી; એ

બાદશાહ રણમાં **શૂરો** હતો; મહમૂદની જોડે આવેલા મુસલમાન **જબરા** અને **લાલચોલ** હતા.

૮૦. જ્યારે જૂદી જૂદી જાતિના વિશેષ્ય આવે છે ત્યારે વિશેષણ અથવા તેમને બદલે જે સર્વનામ આવે તે નાન્યતર જાતિમાં હોય છે. જેમ મારી પાસે એક સસલો, એ કૂતરી અને એક મેંઢું છે, તેઓ એક બીજા સાથે ઘણી ગમત કરે છે અને ઘણાં **માયાળુ** છે. એમાં તેઓ, અને માયાળુ નાન્યતર જાતિમાં છે.

૮૧. વિશેષણ સર્વનામનો ગુણ બતાવે ત્યારે તે સર્વનામની જાતિ વિભક્તિ અને વચન તે વિશેષણને લાગે છે; જેમ તે પૈસાનો **લોભી** હતો. એ ઘણો **પાપી** હતો.

૮૨. જ્યારે બે વિશેષણ સાથે આવે અને જો પહેલું વિશેષણ બીજા વિશેષણનો ગુણ બતાવે તો પહેલું વિશેષણ ક્રીયાવિશેષણ અવ્યય કરવું. જેમ ત્યાં મોટું તળાવ છે; તે છોડી **થોડી** હુશીઆર નથી.

૮૩. જ્યારે બે વિશેષણ સાથે આવે અને જો બન્ને વિશેષણ નામનોજ ગુણ બતાવે તો બન્ને વિશેષણનું વિશેષણજ કરવા જેમ, તેને બદલે **બીજા ઘણા** શત્રુ ઉભા થયા; એક **ટાહી** સ્ત્રીઓ રાજનું રક્ષણ કર્યું: એક **તુટેલું** મોટું તળાવ ત્યાં છે.

૮૪. જ્યારે વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે ત્યારે ક્રિયાવિશેષણ અવ્યય કરવું. જેમ, મને હિસાબ કરવા બહુ ગમે છે: ખરાદી લાકડાનાં રમકડાં સંઘાડા ઉપર ચડાવીને **સાફ** ઉતારે છે.

૮૫. જ્યારે વિશેષણ હો ક્રિયાપદના ધાતુની સાથે આવે ત્યારે તે વિશેષણ વિશેષણજ થાયછે. જેમ, અસલના હિંદુ **પૈસે ટકે સુખી** હતા.

ક્રિયાપદ.

૮૬. કોઇ પ્રાણી અથવા ચીજ શું કરે છે, અથવા કેવી સ્થિતિમાં છે તે જણાવનાર શબ્દને **ક્રિયાપદ** કહે છે. જેમ તે પૈસા **આપે છે; હું બેઠો;** છોકરો **જાય** છે.

૮૭. ક્રિયાપદના મૂળને **ધાતુ** કહે છે; જેમ કર, જા, બેસ, લખ. ધાતુ ઉપરથી ક્રિયાપદનાં જૂદાં જૂદાં રૂપ બને છે: જેમ લખ ઉપરથી લખું છું, લખતો, લખીએ, વગેરે.

૮૮. બીજા પુરૂષના એકવચનમાં અનિયમિત વર્ત્તમાન કાળમાં આજ્ઞાર્થે જે ક્રિયાપદનું રૂપ બોલાય તેજ ગૂજરાતીમાં ક્રિયાપદનો ધાતુ જાણવો. જેમ તું ખા, તું કર, તું બેસ.

૮૯. **કર્ત્તા:** ક્રિયા અથવા કામના કરનારને કર્ત્તા કહે છે; જેમ છોકરાએ નેતર વાળી, એમાં વાળવાનું કામ છોકરાએ કર્યું માટે છોકરાએ કર્ત્તા છે.

૯૦. **કર્મ:** કર્ત્તા જે પ્રાણી અથવા વસ્તુ ઉપર પોતાનું કામ લાગુ પાડે છે તે પ્રાણી અથવા વસ્તુને કર્મ કહે છે; જેમ છોકરાએ નેતર વાળી; એમાં વાળવાનું કામ નેતર ઉપર થયું માટે નેતર કર્મ છે.

૯૧. ધાતુના મુખ્ય ભાગ બે છે: **અકર્મક ને સકર્મક.**

૯૨. જ્યારે કર્ત્તા પોતાનું કામ બીજા પ્રાણી અથવા વસ્તુ ઉપર લાગુ પાડતો નથી પણ પોતા ઉપરજ લાગુ પાડે છે ત્યારે ક્રિયાપદ **અકર્મક** કહેવાય છે, જેમ છોકરો બેસે છે; પથ્થર પડ્યો

૯૩. જ્યારે કર્ત્તા પોતાનું કામ બીજા પ્રાણી અથવા વસ્તુ ઉપર લાગુ પાડે છે ત્યારે ક્રિયાપદ **સકર્મક** કહેવાય છે; જેમ છોકરો નેતર વાળે છે; હું કલમ ઘડું છું; તેણે ચોપડી વાંચી.

૯૪. કોઇ ક્રિયાપદ સકર્મક છે કે અકર્મક છે એ પારખવું હોય તો પેહેલાં ક્રિયાપદનો ધાતુ શોધી કાહડવો, પછી ધાતુને **નાર** પ્રત્યય

લગાડવો, અને પછી કોણ સવાલ પૂછવો; પાછી તેજ ધાતુને વાનું પ્રત્યય લગાડવો અને શું સવાલ પૂછવો. જો કોણ અને શું નો જવાબ જૂદો જૂદો આવે તો ક્રિયાપદ સકર્મક જાણવો અને કોણ તથા શું નો જવાબ એકજ અથવા તેજ આવે તો અકર્મક જાણવો. જેમ છોકરો પાઠ લખે છે, એમાં ક્રિયાપદનો ધાતુ લખ એ ધાતુને નાર પ્રત્યય લગાડવાથી લખનાર થયો, હવે કોણનો સવાલ પુછવો, લખનાર કોણ? જવાબ છોકરો; એજ ધાતુને વાનું પ્રત્યય લગાડવો તો લખવાનું થયું, પછી શું નો સવાલ પૂછવો, લખવાનું શું? તો જવાબ પાઠ આવ્યો; કોણ તથા શું ના જવાબ જૂદા જૂદા આવ્યા માટે સકર્મક ક્રિયાપદ થયો. હરી દોડે છે એમાં પણ ઉપર પ્રમાણે સવાલ પૂછવા, જેમ દોડનાર કોણ, હરી; દોડવાનું શું તો હરી; એમાં કોણ તથા શું નો જવાબ એકજ આવ્યો તેથી ક્રિયાપદ અકર્મક છે.

૯૫. કોણનો જે જવાબ આવે તે **કર્ત્તા** અને શુંનો જે જવાબ આવે તે **કર્મ.**

૯૬. સકર્મક ક્રિયાપદના ધાતુ: કહે, કથ, કર, કાઢ, ખા, ખાંડ, ખેંચ, ગણ, ગોખ, ઘસ, ચાવ, ચીપ, ચુક, છાપ, છોડ, છોલ, જાણ, જીત, જો, તોલ, દળ, દાબ, દે, દેખ, ઘડ, ધાર, નાખ, પરોવ, પાથર, પી, પીરસ, ફેરવ, બાંધ, ભણાવ, ભરડ, ભુળ, માન, રાંધ, લખ, લે, વહેંચ, વહેર, વાપર, વાંચ, વેચ, શીવ. સહે, સાંધ, સાંભળ, આંક, ઉરાડ.

૯૭. અકર્મક ક્રિયાપદના ધાતુ; કકળ, કુદ, કોહો, ખળ, ખર, ખસ, ગર, ચડ, ચલક, ચાલ, છ, જનમ, જંપ, જા, ટર, ડુબ, તપ, તર, થા, દમ, દખ, દીપ, દુઃખ, ઘસ, નહા, નાસ, નીકળ, પડ, પ્રકાશ, ફર, બચ, બીહ, બેસ, બટક, જમ. ભળ, બળ, મર, રમ, રહે, રખડ, રઝળ, રો, વરસ, વળગ, સડ, સુ, શરમા, હીંડ, હો, આવ, ઉછળ, ઉતર, ઓળખ.

૯૮. જ્યારે ક્રિયાપદનો કર્ત્તા જણાતો નથી ત્યારે ક્રિયાપદ

ભાવકર્તૃક કે અકર્તૃક કહેવાય છે. જેમ બેન બેનને બનતું નથી, મને પેટમાં દુઃખે છે.

ઘણી વખત ક્રિયાપદનો કર્ત્તા અધ્યાહાર હોય છે, જેમકે, ખા, પી, દોડ, બેસ, રમ, એમાં કર્ત્તા **તું** અધ્યહાર છે. ખાઓ, પીઓ, દોડો, બેસો, રમો, એમાં **તમે** કર્ત્તા અધ્યહાર છે. ખાઇએ, પીઇએ, દોડીએ, રમીએ, એમાં કર્ત્તા **આપણે** કે **અમો** અધ્યાહાર છે, કહે છે, આવે છે, એમાં **તેઓ** (લોકો) કર્ત્તા અધ્યાહાર છે.

૯૯. કેટલાક ક્રિયાપદને બે કર્મ હોય છે; એક કર્મને **ઉપસ્થ** કર્મ અને બીજાને **અનુપસ્થ** કર્મ કહે છે. જે કર્મને **ને** લાગેલો હોય તેને અનુપસ્થ કર્મ સમજવો. જેમ હું તને **પૈસા** આપું છું, એમાં તને અનુપસ્થ કર્મ છે; અને પૈસા ઉપસ્થ (ખરૂં) કર્મ છે.

૧૦૦. ક્રિયાપદને ભેદ, અર્થ કાળ, પુરૂષ, જાતિ, એને વચન લાગે છે, (વિભક્તિ લાગતી નથી.)

ભેદ.

૧૦૧. ભેદ ત્રણ છે. **મૂળભેદ, સહ્યભેદ, પ્રેરકભેદ.**

૧૦૨. **મૂળભેદ:** ક્રિયાપદના ધાતુને કાળ વગેરેના પ્રત્યય લાગીને જે રૂપ થાય છે તેને મૂળભેદના ક્રિયાપદ કહે છે. જેમ લખે છે. કર્યું, લખશે, સાંભળવું.

૧૦૩. **સહ્યભેદ**: મૂળ ધાતુના આકારમાં કાંઇ ફેરફાર થઇને જે રૂપ થાય છે તેને સહ્યભેદ કહે છે. જેમ લખાય, લખાઇ, લખાયું, કરાયું, સંભળાયું.

૧૦૪. ક્રિયાનો કરનાર પહેલી કે ત્રીજી વિભક્તિમાં હોય તો ક્રિયાપદ મૂળભેદનું સમજવું. જેમ હું વાંચું છું, તેણે વાંચ્યું.

૧૦૫. ક્રિયાનો કરનાર પાંચમી વિભક્તિમાં હોય ત્યારે ક્રિયાપદ **સહ્યભેદનું જાણવું.** જેમ મારાથી વંચાયું.

૧૦૬. મૂળભેદ ઉપરથી સહ્યભેદ નીચે પ્રમાણે થાય છે:—

(૧) વ્યંજનાંત ધાતુને છેડે **આ** ઉમેર્યાથી, જેમ લખ, લખા: કર કરા: એવા ધાતુના પેહેલા અક્ષરમાં જો **આ** આવે તો તે જઈને **અ** થાય છે; જેમ માર મરા, જાળવ જળાવા, નાંખ નંખા.

(૨) સ્વરાંત છેડાના ધાતુને અંતે સહભેદમાં વા વધે છે. જેમ ખા ખાવા, પી પીવા, જો જોવા.

પ્રેરકભેદ: વ્યંજનાત છેડાને આવ ને આડ આવે છે. સ્વરાંતમાં વાડ આવે છે. જેમ લખવું, લખાવ, ખા ખવાડ.

મૂળભેદ ઉપરથી પ્રેરકભેદ તથા સહ્યભેદ થાય છે તેના દાખલા:—

મૂળભેદ.	**સહ્યભેદ.**	**પ્રેરકભેદ.**
પડ.	પડા.	પડાવ.
દબ.	દબા.	દબાવ.
ઉકળ.	ઉકળા.	ઉકળાવ.
હર.	હરા.	હરાવ.
ફર.	ફરા, ફેરવા.	ફેરવ.
ભર.	ભરા, ભેરવા.	ભેરાવ.
કર.	કરા.	કરાવ.
પરણ.	પરણા.	પરણાવ.
દળ.	દળા.	દળાવ.
આપ.	અપા.	અપાવ.
આંક.	અંકા.	અંકાવ.
રાખ.	રખા.	રખાવ.
ધાવ.	ધવા.	ધવાડ.
ગા.	ગવા.	ગવાડ, ગવરાવ.
ખા.	ખવા.	ખવાડ, ખવરાવ.

મૂળભેદ.	સહભેદ.	પ્રેરકભેદ.
શીવ.	શીવા.	શીવાડ, શીવરાવ.
વાગ.	વગા.	વગરાવ, વગાડ.
લે.	લેવા.	લેવાડ, લેવરાવ.
કહે.	કહેવા.	કહેવાડ, કહેવરાવ.
જો.	જોવા.	જોવાડ, જોવરાવ.
ધો.	ધોવા.	ધોવાડ, ધોવરાવ.

અર્થ.

૧૦૭. **અર્થ**: કોઇ ક્રિયા થતાં કહેનારનો ભાવ શું છે અથવા બોલનાર જે બોલે છે તે નિશ્ચય જાણીને બોલે છે કે મનમાં સંદેહ રાખીને બોલે છે, કે હુકમના રૂપમાં બોલે છે તે ક્રિયાપદના **અર્થ** કહેવાય છે.

૧૦૮. ક્રિયાપદનો અર્થ ત્રણ કર્યા છે: **નિશ્ચયાર્થ, આજ્ઞાર્થ અને સંકેતાર્થ.**

૧૦૯. **નિશ્ચનાર્થ**: બોલનાર કોઇ કામ વિષે બોલે છે, એટલે તે માત્ર થઇ ગયું, થાય છે, કે થશે એટલુંજ જણાવે છે ત્યારે જે ક્રિયાપદનાં રૂપ વપરાય છે તેને નિશ્ચયાર્થનાં સમજવાં; જેમ મેં વાંચ્યું હું વાંચું છું, હું વાંચીશ.

૧૧૦. **આજ્ઞાર્થ**: જ્યારે બોલનાર હુકમના રૂપમાં બોલે છે ત્યારે ક્રિયાપદ આજ્ઞાર્થ રૂપનાં કહેવાય છે. જેમ તું વાંચ, તમે વાંચો, તમે વાંચજો.

૧૧૧. **સંકેતાર્થ**:—જ્યારે બોલનાર મનમાં કાંઇ સંદેહ રાખીને બોલે છે ત્યારે ક્રિયાપદ સંકેતાર્થ રૂપના સમજવા; એ ક્રિયાપદો જો, તો, પણ, વગેરે અવ્યયથી ઓળખાય છે. જેમ તમે વાંચશો તો ફાયદો થશે; મેં લખ્યું હોત પણ કલમ ભાગી ગઈ.

——:0:——

ક્રિયાનાથ.

૧૧૨. **ક્રિયાનાથ** : જે શબ્દ પ્રમાણે ક્રિયાપદ જાતી, પુરૂષ, અને વચનમાં ફરે છે તે શબ્દને ક્રિયાનાથ કહે છે. જેમ છોકરી આવી; રાજાએ ગાદી લીધી, તેનાથી જવાયું. પેહેલા દાખલામાં છોકરી ક્રિયાનાથ છે. બીજા દાખલામાં ગાદી અને ત્રીજા દાખલામાં ક્રિયાનો ભાવ ક્રિયાનાથ છે.

———:o:———

કાળ.

૧૧૩. **કાળ:** જે વખતમાં ક્રિયા અથવા કામ બને તેને ક્રિયાપદની **કાળ** કહે છે.

૧૧૪. મૂખ્ય કાળ ત્રણ છે: **ભૂતકાળ, વર્ત્તમાનકાળ, ભવિષ્યકાળ.**

૧૧૫. **ભૂતકાળ:** જે ક્રિયા કે કામ ગયા વખતમાં બની ગયું હોય તેને ભૂતકાળ લાગે છે. તે ગયો; તેણે વાંચ્યું.

૧૧૬. **વર્ત્તમાનકાળ:** જે ક્રિયા ચાલતા વખતમાં બને છે તેને વર્તમાનકાળ લાગે છે. તે કામ કરે છે, છોકરી આવે છે.

૧૧૭. **ભવિષ્યકાળ:** જે ક્રિયા આવતા વખતમાં બનવાની હોય તેને ભવિષ્યકાળ કહે છે. હું કાલે ગામ જઇશ. ઝાડ ઉપર હવે ફળ આવશે.

૧૧૮. વર્ત્તમાનકાળના ક્રિયાપદને છેડે વું, એ, ઉ, ય, છે, નથી આવે છે. ભૂતકાળના ક્રિયાપદને છેડે યો, ઇ, યું, યા, યાં, આવે છે: અને ભવિષ્યકાળના ક્રિયાપદને છેડે શ, શે, શું, શો, જે, જો, આવે છે.

૧૧૯. વર્ત્તમાનકાળના ત્રણ પ્રકાર છે: **વર્ત્તમાનકાળ, અનિયમિત વર્ત્તમાનકાળ,** અને **વિધિવર્ત્તમાનકાળ.**

૧૨૦. વર્ત્તમાનકાળના દાખલા, વાંચું છું, વાંચીએ છીએ, વાંચે છે, વાંચો છો.

૧૨૧. અનિયમિત વર્ત્તમાનકાળના દાખલા, વાંચુ, વાંચીએ, વાંચે, વાંચ, વાંચો.

૧૨૨. વિધિવર્ત્તમાનકાળના દાખલા, વાંચવો, વાંચવા, વાંચવી, વાંચવું, વાંચવાં.

૧૨૩. ભૂતકાળના ત્રણ પ્રકાર છે, **ભૂત. અનિયમિત ભૂત** અને **સંકેતભૂત.**

૧૨૪. ભૂતકાળના દાખલા વાંચ્યો, વાંચ્યાં, વાંચી, વાંચ્યું, વાંચ્યાં.

૧૨૫. અનિયમિત ભૂતકાળના દાખલા, વાંચતો, વાંચતા, વાચતી વાંચતું, વાંચતાં.

૧૨૬. સંકેત ભૂતકાળના દાખલા, વાંચત.

૧૨૭. ભવિષ્યકાળના દાખલા, વાંચીશ, વાંચીશું, વાંચશું, વાંચશે, વાંચજે, વાંચશો, વાંચજો,

૧૨૮. નીચલા ક્રિયાપદ ભૂતકાળના છે :—ખાધું, પીધું, દીઠું, દીધું, કીધું, બેઠું, પેઠું, નાઠું, બીધું, સુતું.

કૃદંત.

૧૨૯. **કૃદંત:** ક્રિયાપદના ધાતુને કાંઇ પ્રત્યય લાગીને જે જૂદા જૂદા શબ્દ થાય તેને કૃદંત કહે છે. કૃદંતમાં ક્રિયાપદનો પૂરો અર્થ હોતો નથી.

૧૩૦. કૃદંતો ઘણી જાતના છે. તેમાં નીચલાં મૂખ્ય છે:— **કૃદંતનામ, કૃદંત વિશેષણ, કૃદંત અવ્યય, વર્ત્તમાન કૃદંત, ભૂતકૃદંત,** અને **કર્ત્તૃવાચક કૃદંત.**

૧૩૧. **કૃદંતનામ** : જો ધાતુને વા, વી, વું, વે, વાં પ્રત્યય લાગેલા હોય તો કૃદંતનામ જાણવું. જેમ સવારના **વાંચવું** ઘણું સારૂં છે.

૧૩૨. **કૃદંતવિશેષણ**: જો ધાતુને લા, લી, લું, લે, લાં, પ્રત્યય લાગેલા હોય તો કૃદંતવિશેષણ થાય છે; જેમ એ બાઇ **ભણેલી** હતી.

૧૩૩. **કૃદંત અવ્યય: જો** ધાતુને ઈ અથવા ઈને પ્રત્યય લાગેલા હોય અને ક્રિયાપદ ભૂતકાળમાં હોય તો કૃદંત અવ્યય કરવું; જેમ તે ઘોડે **બેસી** આવ્યો; તે કામ **કરીને** ગયો.

૧૩૪. **વર્ત્તમાનકૃદંત**: જો ધાતુને તો. તી, તું, તી, તાં પ્રત્યય લાગેલા હોય તો વર્તમાન કૃદંત થાય છે. જેમ. હું **ચાલતો** ગામ ગયો.

૧૩૫. **ભૂતકૃદંત** : જો ક્રિયાપદ ભૂતકાળમાં હોય અને તેને વિભક્તિપ્રત્યય લાગેલો હોય અથવા તેના પાસે શબ્દયોગી અવ્યય આવેલો હોય તો ભૂતકૃદંત થાય છે; જેમ, મારા **આવ્યા** પછી તે ગયો; વા **વાયાથી** નળીયું ખસ્યું.

૧૩૬. **કર્તૃવાચક કૃદંત**: વાંચનાર, વાંચનારી, વાંચનારૂં; કરનાર, કરનારી, કરનારો.

૧૩૭. જો કૃદંતમાં ક્રિયાપદના જેવો પૂરો અર્થ રહેલો હોય તો તેને કૃદંત ન કરતાં ક્રિયાપદજ કરવું. જેમ તેઓ ઘણી લૂટ મેલવીને પાછા પોતાને વતન **જતા.** તમારે આ કામ **કરવું**; છોકરાં સવારના ઉઠીને ઇશ્વરની રોજ પ્રાર્થના **કરતાં**; આપણા પાડોશીને દુ:ખ **નદેવું**; વધારે લાયક આદમી ક્યારે **જાણવો.**

---:o:---

સહાયકારક ક્રિયાપદ.

૧૩૮. સહાયકારક ક્રિયાપદ : નીચલા ક્રિયાપદ સહાયકારક કહેવાય છે:—છ, હો, નથી, જો, આવ, દે, લાગ, રહે, ચૂક, નાખ,

રાખ, જોઈએ, પડ, પાડ. દળ, બેસ, લે, માંડ, કર, શક, એ ક્રિયાપદો બીજાં ક્રિયાપદોની જોડે આવીને પેહેલા ક્રિયાપદના અર્થમાં કે કાળમાં ફેર કરે છે. જેમ, થઇ જા, થઈ ચૂકવું, ધોઇ નાખ, જઇ પડ, થઈ શક્યું, માર્યો ગયો, કરવા માંડ્યું એમાં બીજાં ક્રિયાપદ સહાયકારક કહેવાય છે.

નથી એ છનું અકર્ણ (ઉલટુ) રૂપ છે. બધા પુરૂષ જાતિ અને વચનમાં એનું સરખું રૂપ રહે છે.

સંયુક્ત ક્રિયાપદ.

૧૪૦. કૃદંત અને સહાયકારક ક્રિયાપદ સાથે આવીને સંયુક્ત અથવા જોડાયલા ક્રિયાપદ થાય છે. જેમ, આવ્યું હતું; જ્યારે આવાં રૂપ આવે છે ત્યારે મીશ્રકાળ થાય છે. જેમ.

કરતો હોય-દ્વિત્વવર્તમાન.	કરતો હશે=વર્તમાન ભવિષ્ય.
કરતો હોત=વર્તમાનભૂત.	કરેલું છે-વિશેષભૂત વર્તમાન.
કર્યો છે=ભૂતવર્તમાન.	કરેલું હતું=વિશેષદ્વિત્વભૂત.
કર્યો હતો=દ્વિત્વભૂત.	કરેલું હશે=વિશેષભૂત ભવિષ્ય.
કર્યું હશે=ભૂત ભવિષ્ય.	કરવાનો છે=ભવિષ્ય વર્તમાન.

પ્રયોગ.

૧૪૧. ક્રિયાનાથ ઉપરથી ક્રિયાપદના પ્રયોગ માલમ પડે છે.

૧૪૨. પ્રયોગ ત્રણ છે; **કર્તરિ, કર્મણિ** અને **ભાવે.**

૧૪૩. જ્યારે ક્રિયાનાથ કર્તા હોય (એટલે ક્રિયાપદને કર્તા પ્રમાણે જાતિ પુરૂષ અને વચન લાગે) ત્યારે ક્રિયાપદ **કર્તરિ** પ્રયોગ કેહવાય છે.

૧૪૪. જ્યારે ક્રિયાનાથ કર્મ હોય (એટલે ક્રિયાપદને કર્મ પ્રમાણે જાતિ પુરૂષ અને વચન લાગે) ત્યારે **કર્મણિ** પ્રયોગ થાય છે.

૧૪૫. જ્યારે કર્તા અથવા કર્મ બન્ને, ક્રિયાપદનો ક્રિયાનાથ ન થાય ત્યારે તેને **ભાવે** પ્રયોગનું ક્રિયાપદ કહે છે.

૧૪૬. **કર્તરિ પ્રયોગ:** જ્યારે ક્રિયાપદ સકર્મક અથવા અકર્મક હોય અને તેનો કર્તા પેહેલી વિભકિતમાં હોય તો કર્તરિ પ્રયોગ થાય છે. જેમ, કુતબુદ્દીન ગાદીએ બેઠો; રાજા પૈસા આપે છે.

૧૪૭. **કર્મણી પ્રયોગ** : જ્યારે ક્રિયાપદ સકર્મક હોય અને કર્તા ત્રીજી અથવા પાંચમી વિભકિતમાં હોય ત્યારે કર્મણિ પ્રયોગ જાણવો. જેમ તેણે પાઠ વાંચ્યો : મારાથી પાઠ વંચાયો.

૧૪૮. **ભાવે પ્રયોગ:** જ્યારે ક્રિયાપદ અકર્મક હોય અને કર્તા ત્રીજી અથવા પાંચમી વિભકિતમાં હોય ત્યારે ભાવે પ્રયોગ થાય છે. ભાવે પ્રયોગનું ક્રિયાપદ જાતિ પુરૂષ નાન્યતરજાતિ ને એકવચનમાં હોય છે. જેમ રણછોડે જવું; મારાથી બેસાયું.

૧૪૯. કર્તરી પ્રયોગમાં કર્તા પેહેલી વિભકિતમાં હોય છે. કર્મણિ પ્રયોગમાં કર્તા ત્રીજી અથવા પાંચમી વિભકિતમાં હોય છે.

૧૫૦. કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદ સકર્મક અને ઘણું કરીને ભૂતકાળમાં હોય છે.

૧૫૧. નીચલા ક્રિયાપદ સકર્મક છે અને ભૂતકાળમાં છે તોપણ તેમનો કર્મણી પ્રયોગ થતો નથી, પણ કર્તરિ પ્રયોગ થાય છે.—અડક્યો, ચૂકયો, જમ્યો, પામ્યો, બોલ્યો, ભણ્યો, ભૂલ્યો, મળ્યો, લાવ્યો, વળગ્યો, સમજ્યો, શીખ્યો,

૧૫૨. કર્મણી પ્રયોગનો તથા કર્તરિ પ્રયોગનો કર્મ હોય છે તેને કર્મને અર્થે પેહેલી કહે છે, જો તે કર્મને **ને** પ્રત્યય લાગો હોય તો બીજી,

કરવી. જેમકે તે કલમ ઘડે છે, તેણે કલમ ઘડી, તેણે શીપાઇને બોલાવ્યો, છોકરો પાઠ લખે છે. સકર્મક કૃદંત હોય છે તો તેનો કર્મ બીજીમાં અથવા બીજીને અર્થે પેહેલીમાં આવે છે; જેમકે તે **કામ** કરીને ગયો.

૧૫૩. જો ક્રિયાપદનો ક્રિયાનાથ નામ હોય તો ક્રિયાપદ ત્રીજા પુરૂષમાં આવે છે.

૧૫૪. ક્રિયાપદના **રૂપાખ્યાન**; ધાતુને ભેદ, કાળ, પુરૂષ, અને જાતિના પ્રત્યય લાગ્યાથી જે જુદાં જુદાં રૂપ થાય છે તેને રૂપાખ્યાન કહે છે.

૧૫૫. છ ધાતુનાં રૂપાખ્યાન.

વર્તમાન કાળ.

એકવચન.	બહુવચન.
૧ લો૰ પુરૂષ હું છું.	અમે છીએ.
૨ જો૰ પુરૂષ તું છે.	તમે છો.
૩ જો૰ પુરૂષ તે છે.	તેઓ છે.

એ ક્રિયાપદનાં બીજાં રૂપ થતાં નથી.

૧૫૬. એ ઉપરથી વર્તમાન કૃદંત છતી, છતું, છતો, છતાં.

——:o:——

૧૫૭. હો ધાતુનાં રૂપાખ્યાન.

વર્તમાન કાળ.

એક વચન.	બહુવચન.
પે૰ પુ૰ હું હોઉં છું.	અમે હોઇએ છીએ.
બી૰ પુ૰ તું હોય છે.	તમે હો છો.
ત્રી૰ પુ૰ તે હોય છે.	તેઓ હોય છે.

અનિયમિત વર્તમાન કાળ.

પે૦ પુ૦ હું હોઉં.	અમે હોઇએ.
બી૦ પુ૦ તું હોય.	તમે હો.
ત્રી૦ પુ૦ તે હોય.	તેઓ હોય.

વિધિ વર્તમાન કાળ.

નરજાતિ હોવો.	હોવા.
નારીજાતિ હોવી.	હોવી.
નાન્યતરજાતિ હોવું.	હોવાં.

ભૂતકાળ.

નરજાતિ હતો.	હતા.
નારિજાતિ હતી.	હતી.
નાન્યતરજાતિ હતું.	હતાં.

અનિયમિત ભૂતકાળ નથી.

સંકેત ભૂતકાળ.

એક વચન અને બહુ વચન પે૦ પુ૦, બી૦ પુ૦, ત્રી૦ પુ૦, હોત.

ભવિષ્યકાળ.

એકવચન.	બહુવચન.
પે૦ પુ૦ હું હોઇશ, હઇશ.	અમે હોઇશું, હઇશું.
બી૦ પુ૦ તું હોશે, હશે, હોઇશ.	તમે હોશો હશો, હોજો.
ત્રી૦ પુ૦ તે હોશે, હશે, હોજો.	તેઓ હોશે, હશે, હોજો.

કૃદંત : હોવો, હોવી, હોવું. હોનાર, હોઈને, હોતાં.

૧૫૮. સકર્મક ક્રિયાપદ લખ ધાતુના રૂપાખ્યાન (મૂળભેદ)

વર્તમાન કાળ.

	એકવચન	બહુવચન.
પે૦ પુ૦	હું લખું છું	અમે લખીએ છીએ.
બી૦ પુ૦	તું લખે છે.	તમે લખો છો.
ત્રી૦ પુ૦	તે લખે છે.	તેઓ લખે છે.

અનિયમિત વર્તમાન કાળ.

પે૦ પુ૦	હું લખું.	અમે લખીએ.
બી૦ પુ૦	તું લખે, લખ.	તમે લખો,
ત્રી૦ પુ૦	તે લખે.	તેઓ લખે.

વિધિવર્તમાન કાળ.

નરજાતિ	લખતો.	લખતા.
નારીજાતિ	લખતી.	લખતી.
નાન્યતરજાતિ	લખતું.	લખતાં.

ભૂતકાળ.

નરજાતિ	લખ્યો.	લખ્યા.
નારીજાતિ	લખી.	લખી.
નાન્યતરજાતિ	લખ્યું.	લખ્યાં.

અનિયમિત ભૂત કાળ.

નરજાતિ	લખતો.	લખતા.
નારીજાતિ	લખતી.	લખતી.
નાન્યતરજાતિ	લખતું.	લખતાં

સંકેત ભૂત કાળ.

પે૦, બી૦, ત્રી૦, પુ૦ લખત.

ભવિષ્ય કાળઃ

એકવચન.	બહુવચન
પે૦ પુ૦ હું લખીશ.	અમે લખીશું, લખશું.
બી૦ પુ૦ તું લખીશ, લખશે, લખજે.	તમે લખશો, લખજો.
ત્રી૦ પુ૦ તે લખશે.	તેઓ લખશે.

કૃદંતઃ લખવો, લખ્યો, લખનાર, લખતા, લખેલો, લખી. લખીને.

સહ્ય ભેદ (વર્તમાન કાળ.)

પે૦ પુ૦ હું લખાઉ છું.	અમે લખાઇએ છીએ.
બી૦ પુ૦ તું લખાય છે.	તમે લખાઓ છો.
ત્રી૦ પુ૦ તે લખાય છે.	તેઓ લખાય છે.

અનિયમિતવર્તમાન કાળ.

પે૦ પુ૦ હું લખાઉં.	અમે લખાઇએ.
બી૦ પું૦ તું લખાય.	તમે લખાઓ.
ત્રી૦ પું૦ તે લખાય.	તેઓ લખાય.

વિધિવર્તમાન કાળ.

નરજાતિ લખાવો.	લખાવા.
નારીજાતિ લખાવી.	લખાવી.
નાન્યતરજાતિ લખાવું.	લખવાં.

ભૂત કાળ.

નરજાતિ લખાયો.	લખાયા.
નારીજાતિ લખાઇ.	લખાઈ.
નાન્યતરજાતિ લખાયું.	લખાયાં.

અનિયમિતભૂત કાળ.

નરજાતિ લખતો.	લખાતા.
નારીજાતિ લખાતી.	લખાતી.
નાન્યતરજાતિ લખાતું.	લખાતાં.

સંકેતભૂતકાળ (એક વ૦ બહુ વ૦)

પે૦ બી૦ ત્રી૦ પુરૂષ લખાત.

ભવિષ્ય કાળ.

એકવચન.	બહુવચન.
પે૦ પુ૦ હું લખાઇશ.	અમે લખાઇશું.
બી૦ પુ૦ તું લખાઇશ.	તમે લખાશો, લખાજો.
ત્રી૦ પુ૦ તે લખાશે.	તેઓ લખાશે.

કૃદંતઃ લખાવો, લખાયો, લખાતો, લખાયલો, લખનાર, લખાઇ, લખાઇને.

૧૫૯. અકર્મક ક્રિયાપદ **આવ** ધાતુનાં રૂપાખ્યાન.

મૂળભેદ (વર્તમાન કાળ.)

પે૦ પુ૦ હું આવું છું.	અમે આવીએ છીએ.
બી૦ પુ૦ તું આવેછે.	તમે આવો છો.
ત્રી૦ પુ૦ તે આવેછે.	તેઓ આવેછે.

અનિયમિત વર્તમાન કાળ.

પે૦ પુ૦ હું આવું.	અમે આવીએ.
બી૦ પુ૦ તું આવે, આવ.	તમે આવો.
ત્રી૦ પુ૦ તે આવે.	તેઓ આવે.

વિધિવર્તમાન કાળ.

નરજાતિ આવવો.	આવવા.
નારિજાતિ આવવી.	આવવી.
નાન્યતરજાતિ આવવું.	આવવાં.

ભૂત કાળ.

નરજાતિ આવ્યો.	આવ્યા.
નારિજાતિ આવી.	આવી.
નાન્યતરજાતિ આવ્યું	આવ્યાં.

અનિયમિત ભૂત કાળ.

નરજાતિ આવતો.	આવતા
નારિજાતિ આવતી.	આવતી.
નાન્યતરજાતિ આવતું.	આવતાં.

સંકેત ભૂતકાળ.

પે૦ બી૦ ત્રી૦ પુરૂષ આવત.

ભવિષ્ય કાળ.

પે૦ પુ૦ હું આવીશ.	અમે આવીશું. આવશું.
બી૦ પુ૦ તું આવીશ, આવશે, આવજે.	તમે આવશો. આવજો.
ત્રી૦ પુ૦ તે આવશે.	તેઓ આવશે.

કૃદંતઃ આવવો, આવ્યો, આવતો, આવેલો, આવનાર. આવી, આવીને.

સલબેદ.

વર્ત્તમાન કાળ	આવ્યા છે
અનિયમિતવર્ત્તમાન કાળ	અવાય.
વિધિવર્ત્તમાન કાળ	અવાયું.
ભૂત કાળ	અવાયું, અવાએલું.
અનિયમિતભૂત કાળ	અવાતું.
સંકેતભૂત કાળ	અવાત.
ભવિષ્ય કાળ	અવાશે.

કૃદંતઃ અવાવો, અવાયો, અવાતો, અવાએલો, અવાનાર, અવાઈ, અવાઈને.

અવ્યય.

૧૬૦. **અવ્યય**: જે શબ્દના રૂપમાં કાંઇ ફેરફાર થતો **નથી** (એટલે તેને જાતિ, વિભક્તિ કે વચન લાગતું નથી) તે **શબ્દ** અવ્યય છે.

૧૬૧. કેટલાક શબ્દોના રૂપમાં ફેરફાર થાય છે તોપણ તેમને અવ્યયમાં ગણેલા છે. જેમ ધીમો, ધીમી. ધીમું, ધીમાં, પાછળથી.

૧૬૨. અવ્યયના ચાર વર્ગ કર્યા છે: **ઉભયાન્વયી અવ્યય, કેવળપ્રયોગી** અવ્યય, **શબ્દયોગી અવ્યય**, અને **ક્રિયાવિશેષણ અવ્યય**.

૧૬૩. **ઉભયાન્વયી અવ્યય**: બે શબ્દ કે બે વાક્યને જોડે છે. જેમ, મેં મેહનત કીધી **પણ** કાંઇ ફાયદો થયો નહીં; બે **નેં** બે ચાર થાય, રણછોડ **અને** મગન આવ્યા છે.

૧૬૪. ઉભયાન્વયી અવ્યયના દાખલા: અથવા, અને, માટે, પણ, ને, નહીં તો, કેમકે, કદાચ, એટલે, અગરજો, કિંવા, કે જે, તો, જો, અગર, પરંતુ, રખેને, તથા, તોપણ, કારણકે, સાંમુ, વાસ્તે, વળી, કધી.

૧૬૫. **કેવળપ્રયોગી અવ્યય**: જ્યારે મનમાંથી હરખ, શોક, નવાઇ, દુઃખ, તિરસ્કાર અને આશ્ચર્યના શબ્દો એકદમ છૂટા બોલાય છે ત્યારે તે શબ્દોને કેવળપ્રયોગી અવ્યય કહે છે.

૧૬૬. કેવળપ્રયોગી અવ્યયના દાખલા: વાહા, અરે, ઓય, ઓયરે, રે, હાય, હાય હાય, ઓ, છુ, છી, વાહવાહ, ખરે, ખરેખર, ચુપ, પોઇસ, ભલે, સાબાશ, ધન્ય ધન્ય, વારૂ, બસબસ.

૧૬૭. **શબ્દયોગી અવ્યય**: જે અવ્યય શબ્દને જોડાયલા હોય છે અને ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે તેને શબ્દયોગી અવ્યય કહે છે.

૧૬૮. **શબ્દયોગી** જે શબ્દને લાગેલો હોય તે શબ્દ અને શબ્દયોગીની વચ્ચે છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય અથવા **ને** પ્રત્યય લાગેલો હોય છે, અથવા તે પ્રત્યયનો લોપ હોય છે. જેમ તે પોતાના બાપની **સાથે** આવ્યો; ટેબલ **આગળ** ચોપડી પડેલી છે. વાંચવાને **કાજે** ચોપડી લાવો.

૧૬૯. શબ્દયોગી અવ્યયના દાખલા: અગાઉ, અગાડી, અંદર, આગળ, આરપાર, આસપાસ, ઉપર, ઉપરાંત, કને, ગમ, ગોઠે, છેતડે, તરફ, નીચે, પુંઠ, પુઠળ, પાર, પાછળ, પાસે, પછી, પછવાડે, પેહેલાં, પૂર્વે, પેઠે, બાહાર, વાંસે, વચ્ચે, વતી, વિના, મધ્ય, માહે, મારફતે, સનમૂખ, સામા, સામુ, સાથે, સિવાય, સુદ્ધાં, હેઠળ, હેઠે, કરતાં, વડે, વના, સહિત, સમીપ, (એમની આગળ છઠી વિભક્તિનો પ્રત્યય આવેછે); અર્થે, કાજે, માટે, લીધે, વાસ્તે, કરીને, કારણે, બદલે, લ્યાં (એમની આગે ને આવે છે).

૧૭૦. **ક્રિયાવિશેષણ અવ્યય**: જે અવ્યય વખત, ઠેકાણું, રીત, નકાર બતાવે અથવા જે શબ્દ ક્રિયાપદનો ગુણ બતલાવે છે તે શબ્દને ક્રિયાવિશેષણ અવ્યય કહે છે.

૧૭૧. ક્રિયાવિશેષણ અવ્યયના દાખલા: (વખત બતાવનારા). હમણાં, અત્યારે, ક્યારે, જ્યારે, ત્યારે, તત્કાળ, પલકમાં, હવે, હમેશાં, આજ, કાલ, ઓણ, પોહોર, પરાર, હાલ, કદી, વળતી, હજી, તરત, પ્રથમ, અંતે, આખરે, તેવામાં, પછી, પૂર્વે પેહેલાં, અગાઉ, અંતરે, સદા, રોજ, નિત્ય, જાથુક, નિરંતર, વારંવાર, ઘડીઘડી, દિનદિન, ક્વચિત, (ઠેકાણું બતાવનાર) ત્યાં, જ્યાં, ક્યાં, પાસે, નજીક, લગભગ, દૂર, આઘે, વેગળે, છેટે, પૂંઠે, પાછળ, પછવાડે, ઉપર, ઉંચે, નીચે, હેઠળ, મધ્ય, વચ્ચે, માહે, અંદર, હેઠ, પેહેલો, છેલ્લો. (રીત બતાવનારાં) આમ, એમ, જેમ, કેમ, તેમ, હલવે, ધીમે, (નકાર બતાવનારા) ન, ના, ની, નો, મા, (બીજા અવ્યય) થોડું, અલ્પ, જુજ, લગરીક, થોડું; ઘણું;

બહુ, અધિક, બરાબર, ભલું, ઠીક, ખરું, ઓછું, નક્કી, બેશક, ઘણું-કરીને, તો, એ, પણ, બી, રવાને, પ્રગત, ઊતન્ન, પેદા, કરીને, ધમધમ.

૧૭૨. જે શબ્દ (વિશેષણ,) ક્રિયાપદનો અર્થ પૂરો કરે છે તે શબ્દ પણ ક્રિયાવિશેષણ છે. જેમ હવે વાત થોડીજ **બાકી** રહેલી છે; તેનો ખપ **બહુ** જાગે છે; તેને બદલે પૈસા **એકઠા** થશે; એમને સુધારી **સદ્ગુણી ને સુખી** કરીશ; તે **ગાંડો** થયો; હું ઘણું રમ્યો. (૨૦૨)

૧૭૩. કેટલાક શબ્દયોગી અવ્યયના દાખલા ક્રિયાવિશેષણ અવ્યયના દાખલામાં પણ આવે છે; પણ **જો** તે અવ્યયની આગળ છઠી વિભકિતનો પ્રત્યય લાગે તો શબ્દયોગી અવ્યય કરવો, નહીં તો ક્રિયાવિશેષણ અવ્યય કરવો. જેમ વાડ **પાછળ** ચોર ઉભો છે. (શબ્દયોગી) હમો **પાછળ** ગયા. (ક્રિયા. વિ૦)

૧૭૪. **પણ, તો, એ** એમનો અર્થ બી કે વળી થાય તો ક્રિયાવિશેષણ અવ્યય કરવું; જેમ આજ **પણ** ત્યાં તેની મુર્તિ છે; એક જણ **તો** રૂપીઆની ભરેલી કોથળી લાવ્યો. લોટો**એ** ગયો ને દુધ**એ** ગયું; ટલે તાપ પાપે (પાપ**એ**) મળે જેથી મૂકિત.

૧૭૫. **પણ** (નામ): તેને હું જીતું તો ખરો એવું **પણ** લીધું. (ઉભયાન્વયી) તેણે બહુ બુમો પાડી **પણ** કોઇએ જવાબ દીધો નહીં.

૧૭૬. હું **બી** ગયો: કુતરો **એ** ગયો: આએ ચોપડી**જ** મને ગમે છે; આ કામ કરો**ની** (આમાં બી, એ, જ, ની. ક્રિયાવિશેષણ છે.)

૧૭૭. **માટેનો** અર્થ તેથી થાય તો ઉભાન્વયી અવ્યય, અને જ્યારે **માટે**નો અર્થ સારૂ થાય તો શબ્દયોગી અવ્યય, જેમ તે નાસી ન જાય **માટે** તેની ચોકી **માટે** એક ચોકીવાનને ઠેરાવ્યો. (પેહેલો માટે ઉભાન્વયી અવ્યય, બીજો માટે શબ્દયોગી અવ્યય.)

૧૭૮. **કરીને** જ્યારે કાંઈ કામ કરવાનો અર્થ બતાવે તો કૃદંત કરવું. તેણે સિંધ ઉપર હુમલો **કરીને** બધો મુલક જીતી લીધો.

કરીનેનો અર્થ નામનું અથવા વતી થાય તો શબ્દયોગી અવ્યય. જેમ, કચ્છના રણનું આગળ પંચાસર **કરીને** એક નગર હતું; કલમે **કરીને** લખાયું.

૧૭૯. **કરતાં**ના અર્થ **થી** થાય અથવા બે ચીજનો મુકાબેલો કરવાનો હોય ત્યારે શબ્દયોગી અવ્યય. જેમ રણછોડ **કરતાં** ભગવાન મોટો છે.

કરતાં, વર્તમાન કૃદંતઃ તે પ્રમાણે **કરતાં** કેટલીકના જીવ ગયા છે.

કરતાં ક્રિયાપદઃ તે છોકરાં સહવારમાં ઉઠીને રોજ બંદગી **કરતાં.**

૧૮૦. **જે** સંબંધી સર્વનામઃ જેમ, **જે** કરો તે બરાબર કરજો.

જે ઉભાન્વયી અવ્યયઃ જેમ, લખવા કારણ એ **જે** (કે).

શું જ્યારે વાક્યમાં સંબંધ વગર વપરાય ત્યારે કેવળપ્રયોગી, જેમ, શું? તમે આવું કરશો?

વારૂં, પ્રશ્નરૂપે વપરાય તો કેવળપ્રયોગી; જેમ, તમે સાંભળશો વારૂં?

બીજે ઠેકાણે **વારૂં,** ક્રિયાવિશેષણ થાય છે: જેમ **વારૂં,** મને એક રૂપીઓ આપો.

૧૮૧. કર્તરિપ્રયોગનો કર્તા પેહેલી વિભક્તિમાં આવેછે. અને કર્મણિપ્રયોગમાં કર્મ પેહેલી વિભક્તિમાં આવેછે. જેમ **હું** આવ્યો: **મેં** પૈસા આપ્યા.

૧૮૨. ગતિ, કાળ, પરિણામ બતાવનારા શબ્દ અકર્મક ક્રિયાપદની સાથે આવે તો પેહેલી વિભક્તિમાં આવેછે. જેમ હું બે **ગાઉ** ચાલ્યો: તે **સુરત** ગયો: તે પાંચ **દિવસ** રહ્યો.

૧૮૩. આખું વાક્ય ક્રિયાપદનો કર્તા હોય તો તેની વિભક્તિ **પેહેલી થાય છે.**

૧૮૪. કર્તરિપ્રયોગનો તથા કર્મણિપ્રયોગનો કર્મ બીજી વિભક્તિમાં આવેછે; જેમ હું **ચોખા** રાંધું છું; તેણે **પાઠ** વાંચ્યો. (પેહેલીને અર્થે બીજીમાં.)

૧૮૫. કર્તરિપ્રયોગમાં જે ક્રિયાપદને બે કર્મ લાગેછે તેમાં ઉપસ્થ; કર્મ બીજી વિભક્તિમાં આવેછે; અને અનુંપસ્થ કર્મ ચોથીમાં આવેછે. જેમ હું છોકરાને પૈસા આપુ છું. (છોકરાને અનુંપસ્થ અને પૈસા ઉપસ્થ કર્મ છે.) અને કર્મણિપ્રયોગમાં પણ ઉપસ્થ કર્મ બીજીમાં કે પેહેલીને અર્થે બીજી વિભક્તિમાં આવેછે.

૧૮૬ કર્મણિપ્રયોગનો અને ભાવે પ્રયોગનો કર્તા ત્રીજી વિભક્તિમાં આવે છે. જેમ, **તેણે** આમ કર્યું; **તારે** બેસવું.

૧૮૭ જે શબ્દ હથિઆર બતાવે તેની ત્રીજી વિભક્તિ થાયછે. જેમ, મેં **લાકડીએ** તેને માર્યો. આપણે **કાને** સાંભળીએ છીએ; મેં **કલમે** લખ્યું.

૧૮૮. તે **ક્રોધે** ભરાયો; તે **કમોતે** મર્યો; તે **ઠંડીએ** માંદો પડ્યો. મેં આ **રીતે** કામ કર્યું; ૧૦ **રૂપીએ** મણ ઘી મળે છે; રણછોડ **નામે** એક છોકરો હતો, આ ધણી **અધીકારે** ન્યાયધીશ છે; આ દાખલામાં ક્રોધે, કમોતે, ઠંડીએ, રીતે, રૂપીએ, નામે, અધીકારે, ત્રીજી વિભક્તિમાં છે.

૧૮૯. શબ્દયોગી **કરીને**ની આગળનો શબ્દ ત્રીજી વિભક્તિમાં વપરાય છે; જેમ **તેણે** કરીને એવું થયું.

(જે નામને છેડે **ન** આવેલો હોય અને તેની બીજી કે ચોથી વિભક્તિ કરવી હોય તો તે **ન**ની આગળ **ને** મૂકવો; જેમ અલાઉદ્દીનને પણ તેની ત્રીજી વિભક્તિ કરવી હોય તો તે **ન**ની ઉપર એક માત્ર કાઢવી; જેમ અલાઉદ્દીને; અને જો તેની છઠ્ઠી વિભક્તિ કરવી હોય તો તેની આગળ છઠ્ઠીનો પ્રત્યય મૂકવો, જેમ અલાઉદ્દીનનો.)

૧૯૦. આપ, દે, કહે, મોકલ, ભણાવ, શીખવ, માર, વિગેરે ક્રિયાપદને બે કર્મ લાગે છે. એમાં જે અનુપસ્થ કર્મ હોય તે ચોથી વિભક્તિમાં આવે છે. જેમ હું **તને** વાત કહું છું; હું **છોકરાને** ભીખ આપુંછું; તે **મને** પાઠ શીખવે છે.

૧૯૧. મને ભાસેછે, મને જણાય છે, મને દેખાય છે. મને ભુખ લાગે છે, રાજાને દયા હોવીજોઇએ; એમાં મને, રાજાને ચોથી વિભક્તિ છે; અથવા જે શબ્દને માટે, વાસ્તે, લીધે, કાજે અર્થે શબ્દયોગી અવ્યય લાગેલા હોય તો તેને ચોથી વિભક્તિ લાગે છે. કોઇ વેળા કર્તાની ચોથી વિભક્તિ હોય છે. (ટેલર સાહેબનું વ્યાકરણ કલમ ૯૮.)

૧૯૨. સ્થળ, સમય, કારણ બતાવવું હોય, અથવા બે ચીજને સરખાવતા હોઇએ તો પાંચમી વિભક્તિ આવેછે. કોઇ વખત ક્રિયાપદનો કર્તા પણ પાંચમી વિભક્તિમાં આવે છે. જેમ, મારાથી કામ કરાયું; મારાથી અવાયું; તેઓ સુરતથી નીકળી ચુકા; તે કાલથી માંદો છે, દગાથી તે ફાવ્યો; મારાથી મારો ભાઈ નાનો છે.

૧૯૩. જે નામની સાથે શબ્દયોગી આવે તે નામની વિભક્તિ છઠી થાયછે, જેમ, છોકરા પાસે; વાડી આગળ; આવ્યા પછી.

૧૯૪. છઠ્ઠી વિભક્તિ જુદા જુદા સંબંધ બતાવવાના કામમાં આવેછે, જેમ, છોકરાંનાં માબાપ; મારૂં ઘર; શેઠનો ચાકર; નદીનું માછલું, ઘરની દીવાળ, લોઢાંની ખીલી, માણસનો ક્રોધ.

૧૯૫. સાતમી વિભક્તિ **એ** અથવા **માં** છેઃ જો નામને **એ** વિભક્તિ લાગેલી હોય અને તેનો અર્થ **ઉપર, પાસે, મા, આગળ,** થાય તો સાતમી વિભક્તિ કરવી, જેમ, મારે **હાથે** ફોલ્લો છેઃ તે **ખોળે** બેઠો; હું **ઘોડે** બેસી આવ્યો; તે **ઘરે** ગયો; તે **બંદીખાને** પડયો; તેને **માથે** એક લાલ છત્ર છે; **નદીએ** પૂર આવ્યું છે. વાંદરો **ઝાડે** ચઢયો. તે **ગાદીએ** બેઠો; હું ચોથે **માળે** રહું છું.

૧૯૬. જ્યારે કોઇને નામ દઈ બોલાવતા હોઇએ ત્યારે સંબો-ધન વિભક્તિ વપરાય છે; જેમ, ઇશ્વર મારો બચાવ કર; **છોકરા,** થોડું પાણી લાવ; **ભાઇ,** કેમ રડેછે?

૧૯૭. **બીજું** સામાન્ય સર્વનામ થાયછે, જ્યારે તેનો અર્થ હરકોઈ બીજાને થાયછે. જેમ આ કલમ નઠારી છે બીજી આપ.

૧૯૮. પેટમાં દુખે છે; ભાઇઓને બનતું નથી; મને સુરતમાં ગમે છે; જાણે મોટો સાહુકારજ તો: એમાં દુખે છે, બનતું નથી, જાણે અને ગમે છે, ભાવ કર્તૃક છે.

મારૂં પેટ દુખે છે; આ લાકડી મને ગમે છે; તે કામ મારાથી બનતું નથી, તે જાણે કે હું નિર્બળ છું. એમાં દુખે છે, ગમે છે, ને બનતું નથી, અકર્મક ક્રિયાપદ છે; અને જાણે સકર્મક ક્રિયાપદ છે.

૧૯૯. એકવચનનું નામ માનાર્થે વપરાય તો તે બહુ વચનમાં લેવું; જેમકે શેઠ આવ્યા.

૨૦૦. જ્યારે આખા વાક્ય માટે **એ** દર્શક સર્વનામ મૂકવામાં આવે છે ત્યારે તે **એ** નાન્યતર જાતિ એક વચનમાં રહે છે; જેમકે તમે હમેશાં આળસુ રહો એ ઠીક નહી; ગરીબોનો બચાવ કરવો **એ** સારૂં છે.

૨૦૧. એકએકને મદદ કરશે, એક બીજાથી જુદા બેશો, એ બેહુ **એક** કર્તા રૂપે આવ્યા છે, અને **એકને** તથા **બીજાથી** અનુક્રમે ચોથી તથા પાંચમી વિભક્તિમાં છે.

૨૦૨ જ્યારે વિશેષણ ક્રિયાપદ જોડે આવીને ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે અને ક્રિયાનાથનો ગુણ બતલાવેછે ત્યારે તેને **ક્રિયાયોગી વિશેષણ** કહે છે; જેમકે તેનું દીલ **ખાટું** થયું; રૈયત **દુ:ખી** થઇ બાપાએ મને **સુખી** અને **સદગુણી** કર્યો; તે **નરમ** પડયો; ઘર **નવું** થયું: એનો મીત્ર **ગુનેગાર** ઠર્યો; રાજા **જખમી** થયો.

૨૦૨. હું રાજા થયો, એમાં હું કર્તા છે.

સમાસ.

૨૦૪. બે કે વધારે શબ્દ સાથે મળવાથી એક શબ્દ બને છે તેને **સમાસ** કહેછે. જેમકે, માબાપ, રાજપુત્ર, જળચર.

સમાસના પેહેલા શબ્દને **પૂર્વપદ**, વચલા શબ્દને **મધ્યમપદ**, અને છેલા શબ્દને **ઉત્તરપદ**, કહેછે.

સમાસીક શબ્દમાં આવેલા શબ્દોને છુટા કરીને તેમનો અર્થ જણાવવો તેને **વિગ્રહ** કહેછે.

સમાસના નિચે પ્રમાણે ભેદ થાયછે—દ્વંદ્વ સમાસ; એ સમાસમાં બધાં નામ એકજ વિભકતિનાં હોય છે, જેમકે માબાપ, દાળ ભાત, સાચું જુઠું.

તત્પુરૂષ સમાસઃ આ સમાસમાં બે નામ આવેછે. પૂર્વપદમાં અને ઉત્તર પદમાં જે સંબંધ હોયછે તે અધ્યાહાર વિભકિતથી જણાય છે. જેમકે ગ્રંથકર્તા, મૂળભાર, જનરથ, ભૂખપીડા. રાજપુત્ર, સ્વર્ગવાસ.

કર્મધારય સમાસઃ **આ** સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય છેઃ જેમકે માહાદેવ, પરમાર્થ.

દ્વિગુ સમાસઃ આ સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે, જેમકે ત્રીલોક, ચતુર્વેદ.

મધ્યમપદલોપી સમાસઃ આ સમાસમાં મધ્યમ પદનો લોપ થાયછે (જતો રહેલો હોયછે); જેમકે આગગાડી, કાળીદાસનાટક.

અવ્યયી ભાવ સમાસઃ આ સમાસમાં પૂર્વપદ અવ્યય હોય છે. જેમકે પ્રતિમાસ, સમક્ષ, અસંશય.

બહુવ્રિહિ સમાસઃ આ સમાસમાં આખો સમાસ વિશેષણ રૂપે આવે છે, વનેચર, પશુ, ગોલાકાર પદાર્થ.

———:o:———

વીરામ ચિન્હ.

૨૦૫. કોઇ વાક્ય બોલતાં આપણો મનનો અર્થ બરાબર જણાવવા માટે આપણે જુદેજુદે ઠેકાણે જુદીજુદી રીતે અટકીએ છીએ; એમ અટકવાને **વિરામ** કહે છે; લખેલી ભાષામાં કેટલેક ઠેકાણે અટકવાને જે ચિન્હ મુકવામાં આવેછે તેને **વિરામ ચિન્હ** કહે છે.

૨૦૬. વિરામ ચિન્હ નીચે પ્રમાણે છે.

, અલ્પવિરામ (લઘુ વિરામ.)

; અર્ધવિરામ (ગુરૂ વિરામ.)

: વૃદ્ધ વિરામ.

. પૂર્ણ વિરામ (ટાંપ.)

? પ્રશ્ન ચિન્હ.

! ઉદ્‌ગાર ચિન્હ (આશ્ચર્ય ટાંપ.)

“ ” અવતરણ ચિન્હ.

( ) [ ] કૌંસ.

- સંયોગ ચિન્હ (લઘુરેખા.)

—ગુરૂરેખા.

:o:

પદચ્છેદ કરતી વખત ધ્યાનમાં રાખવા જોગ નિયમો.

પદચ્છેદ એટલે વાક્યના જૂદા જૂદા શબ્દના વર્ગ, જાતિ, વિભક્તિ, વચન, ભેદ, કાળ વગેરે, કહેવું, તથા તે શબ્દ એક બીજા સાથે શો સંબંધ રાખે છે તે દેખાડવું તેને પદચ્છેદ કહે છે.

શબ્દના વર્ગ સંપૂર્ણ રીતે ઓળખવા જોઇએ, કારણ કે શબ્દના વર્ગ જાણવા એ પદચ્છેદનો પાયો છે.

શબ્દનું પદચ્છેદ કરતી વખતે આખું વાક્ય વાંચીને તેનો શો સંબંધ છે તે બરાબર ધ્યાનમાં લઈને પદચ્છેદ કરવું.

ક્રિયાનાથ જથો બતાવે તો ક્રિયાપદ એક વચનમાં આવે છે. મહમૂદે પુષ્કળ પૈસો મેળવ્યો.

ક્રિયાનાથ એકવચનમાં હોય પણ માનને અર્થે વપરાયલો હોય તે ક્રિયાપદ બહુવચનમાં આવે છે. મેહેતાજી બેઠા. શેઠાણી આવ્યાં.

એકજ જાતિનાં બે કે વધારે નામ ક્રિયાનાથ હોય તો ક્રિયાપદ તેજ જાતિમાં બહુ વચનમાં આવે છે. મેહેતાજીએ રંછોડને અને મણિલાલને માર્યા; મેહેતાજી અને લાલજી વર્ગમાં હાજર થયા.

જૂદી જૂદી જાતિનાં નામ ક્રિયાનાથ હોય તો ક્રિયાપદ અને વીશેપણ નાન્યતર જાતિ અને બહુવચનમાં આવે છે. તેનો દીકરો તથા દીકરી સારાં છે. તેનો ભાઈ અને બેન શીખેલાં છે.

ક્રિયાનાથ બે કે વધારે નામ હોય અને તેમની વચ્ચે કે, **અથવા** આવે તો ક્રિયાપદ છેલા નામ સાથે બધી વાતે સંબંધ રાખે છે. ભાઈ અથવા બેન આવી હોત તો સારૂં થાત.

નામનું પદચ્છેદ કરતાં તે કઇ જાતનું નામ, પછી જાતિ, વિભક્તિ અને વચન કહેવું.

સર્વનામનું પદચ્છેદ કરતાં કઇ જાતનું સર્વનામ, પછી જાતિ વિભક્તિ, અને વચન કહેવું

વિશેષણનું પદચ્છેદ કરતાં તેના વિશષ્ય પ્રમાણે જાતિ, વિભક્તિ અને વચન કહેવું.

ક્રિયાપદનું પદચ્છેદ કરતાં સકર્મક કે અકર્મક ક્રિયાપદ, પછી ધાતુ, ભેદ, કાળ, પુરૂપ, જાતિ, વચન, કર્તા, કર્મ, હોય તો કર્મ અને પ્રયોગ કહેવો.

——:o:——

પદચ્છેદ.

(૧.) તારાથી શું થવાનું છે?

તારાથી=બીજો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ પાંચમીનું એક વચન.

શું=પ્રશ્નાર્થાક સર્વનામ નાન્યતર જાતિ પેહેલીનું એક વચન.

થવાનું=કૃદંત નામ.

છે=અકર્મક ક્રિયાપદ છ ધાતુ મૂળભેદ વર્તમાનકાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ એક વચન, શું કર્તા, કર્તરી પ્રયોગ.

(૨.) તે હરીઆને સમજાઈ નહીં.

તે=ત્રીજો પુરૂષ સર્વનામ નારી જાતિ બીજીને અર્થે પેહેલીનુ એક વચન

હરીઆને=વિશેષનામ નર જાતિ ચોથીનું એક વચન.

સમજાઇ=સકર્મક ક્રિયાપદ સમજ ધાતુ સત્વભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નારીજાતિ એકવચન, હરીઆને કર્તા. તે કર્મ, કર્મણી પ્રયોગ. (ટેલર સાહેબનું નાનું વ્યાકરણ કલમ ૯૮).

(૩.) આ બોલીએ હું તને રાખું છું.

આ=દર્શક વિશેષણ નારી જાતિ ત્રીજીનું એક વચન.

બોલીએ=ભાવવાચક નામ નારી જાતિ ત્રીજીનું એક વચન.

હું=પેહેલો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ પહેલીનું એક વચન.

તને=બીજો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ બીજીનું એક વચન.

રાખું છું=સકર્મક ક્રિયાપદ રાખ ધાતુ મૂળ ભેદ વર્તમાનકાળ પેહેલો પુરૂષ સામાન્ય જાતિ એક વચન. હું કર્તા, તને કર્મ, કર્તરી પ્રયોગ.

(૪.) સારૂં થયું તમે આવ્યા તો.

સારૂં=ક્રિયાવિશેષણ અવ્યય,

થયું=અકર્મક ક્રિયાપદ થા ધાતુ મૂળભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ એક વચન ; થાનાર કર્તા કર્તરિ પ્રયોગ.

તમે=બીજો પુરૂષ સર્વનામ નરજાતિ પેહેલીનું બહુ વચન.

આવ્યા=અકર્મક ક્રિયાપદ આવ ધાતુ મૂળ ભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નર જાતિ બહુ વચન, તમે કર્તા, કર્તરિ પ્રયોગ.

તો=ક્રિયાવિશેષણ અવ્યય.

(૫.) હું તને જવા દઈશ.

હું=પેહેલો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ પેહેલીનું એક વચન.

તને=બીજો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ બીજીનું એક વચન.

જવા દઈશ=સકર્મક સંયુક્ત ક્રિયાપદ જા ધાતુ (જવા દે) મૂળ ભેદ ભવિષ્ય કાળ ત્રીજો પુરૂષ સામાન્ય જાતિ એક વચન: હું કર્તા તને કર્મ કર્તરિ પ્રયોગ.

(૬.) એણે દયામણું મોં કર્યું.

એણે=દર્શક સર્વનામ સામાન્ય જાતિ ત્રીજીનું એક વચન.

દયામણું=ગુણવાચક વિશેષણ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું એક વચન.

મોં=સામાન્ય નામ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું એક વચન.

કર્યું=સકર્મક ક્રિયાપદ કર ધાતુ મૂળ ભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ એક વચન એણે કર્તા મોં કર્મ કર્મણિ પ્રયોગ.

(૭.) એ બંને જણ પકડાઇને માર્યાં ગયાં.

એ=દર્શક વિશેષણ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું બહુવચન.

બંને=સંખ્યાવાચક વિશેષણ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું બહુ વચન.

જણ=સામાન્ય નામ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું બહુ વચન.

પકડાઈને=કૃદંત અવ્યય.

મારી ગયાં=સંયુક્ત સકર્મક ક્રિયાપદ માર ધાતુ મૂળ ભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ બહુ વચન; તેથી અધ્યાહાર કર્તા, જણ કર્મ, કર્મણી પ્રયોગ.

(૮.) તે આવી ઉભો.

તે=ત્રીજો પુરૂષ સર્વનામ નર જાતિ પેહેલીનું એક વચન.

આવીને=કૃદંત અવ્યય.

ઉભો=અકર્મક ક્રિયાપદ ઉભ ધાતુ મૂળ ભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નરજાતિ એક વચન; તે કર્તા કર્તરિ પ્રયોગ.

(૯.) તે ઉભો થયો.

ઉભો=કૃદંત.

થયો=અકર્મક ક્રિયાપદ થા ધાતુ મૂળભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નરજાતિ એક વચન; તે કર્તા, કર્તરિ પ્રયોગ.

(૧૦) સાસુ અને વહુ રોજ ઘરમાં કજીઆ કરતાં.

સાસુ=સામાન્ય નામ નારી જાતિ પેહેલીનું એક વચન.

રોજ- ક્રિયાવિશેષણ અવ્યય.

કજીયા=ભાવવાચક નામ નરજાતિ બીજીને અર્થે પેહેલીનું એક વચન.

કરતાં=સકર્મક ક્રિયાપદ કર ધાતુ મૂળભેદ અનિયમિત ભૂતકાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ બહુ વચન: સાસુ તથા વહુ કર્તા કજીયા કર્મ કર્તરિ પ્રયોગ.

(૧૧.) તેમને બનતું નથી.

તેમને=ત્રીજો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ ચોથીનું બહુ વચન.

બનતું નથી= અકર્તૃક ક્રિયાપદ બન ધાતુ મૂળભેદ દ્વિત્વ વર્તમાન કાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ બહુ વચન.

(૧૨.) તમે કોણ છો ?

તમે=બીજો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ પેહેલીનું બહુ વચન,

કોણ=પ્રશ્નાર્થક સર્વનામ સામાન્ય જાતિ પેહેલીનું બહુ વચન.

છો=અકર્મક ક્રિયાપદ છ ધાતુ મૂળભેદ વર્તમાનકાળ બીજો પુરૂષ સામાન્ય જાતિ બહુ વચન, તમે કર્તા, કર્તરિ પ્રયોગ.

(૧૩.) એશિઆ ખંડ ઘણો મોટો છે.

એશિઆખંડ–વિશેષનામ નરજાતિ પેહેલીનું એક વચન.

ઘણો–ક્રિયાવિશેષણ અવ્યય.

મોટો–ગુણવાચક વિશેષણ નરજાતિ પેહેલીનું એકવચન.

છે=અકર્મક ક્રિયાપદ છ ધાતુ મૂળ ભેદ વર્તમાનકાળ ત્રીજો પુરૂષ નરજાતિ એકવચન; એશિઆ ખંડ કર્તા, કર્તરિ પ્રયોગ.

(૧૪.) ઉપર કહેલા બધા ઉપાય ધ્યાનમાં રાખવા.

ઉપર=ક્રિયાવિશેષણ અવ્યય.

કહેલા=કૃદંત વિશેષણ.

બધા=સામાન્ય વિશેષણ નરજાતિ બીજીને અર્થે પેહેલીનું બહુવચન.

ઉપાય=ભાવવાચક નામ નરજાતિ બીજીને અર્થે પેહેલીનું બહુવચન.

ધ્યાનમાં=ભાવવાચક નામ નાન્યતર જાતિ સાતમીનું એકવચન.

રાખવા=સકર્મક ક્રિયાપદ રાખ ધાતુ મૂળ ભેદ વિધિવર્તમાનકાળ ત્રીજો પુરૂષ નર જાતિ બહુ વચન તમે અધ્યાર કર્તા, ઉપાય કર્મ, કર્મણિ પ્રયોગ.

(૧૫.) મોરારે કહ્યું, ભાઈ આજ તેં મને કાળના મોઢા-માંથી છોડયા બરાબર કર્યું છે; એ ટહુ ન પકડાયું હોત તો મારૂં મોતજ હતું.

મોરારે=વિશેષનામ નરજાતિ ત્રીજીનું એકવચન.

કહ્યું=સકર્મક ક્રિયાપદ કહે ધાતુ મૂળ ભેદ ભૂત કાળ ત્રીજે પુરૂષ નાન્યતર જાતિ એકવચન મોરારે કર્તા, ભાઈ—હતું કર્મ કર્મણિ પ્રયોગ.

ભાઇ=સામાન્યનામ નરજાતિ સંબોધનનું એકવચન.

આજ=ક્રિયાવિશેષણ અવ્યય.

તેં-બીજો પુરૂષ સર્વનામ નરજાતિ ત્રીજીનું એક વચન.

મને=પેહેલો પુરૂષ સર્વનામ નરજાતી ત્રીજીનું એક વચન.

કાળના=ભાવવાચક નામ નરજાતિ છઠ્ઠીનું એક વચન.

મોઢામાંથી સામાન્ય નામ નાન્યતર જાતિ સાતમી સાથે પાંચ-મીનું એક વચન.

છોડાવ્યા=ભૂત કૃદંત.

બરાબર=શબ્દયોગી અવ્યય.

કર્યું છે=સકર્મક ક્રિયાપદ કર ધાતુ મૂળભેદ ભૂતવર્તમાનકાળ ત્રીજે પુરૂષ નાન્યતર જાતિ એક વચન, તેં કર્તા, કરવાનું કર્મ કર્મણિ પ્રયોગ.

એ=દર્શક વિશેષણ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.

ટહુ—સામાન્ય નામ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન

ન=ક્રિયાવિશેષણ અવ્યય.

પકડાયું હોત=સકર્મક ક્રિયાપદ પકડ ધાતુ સહ્ય ભેદ ભૂત સંકેત ભૂતકાળ ત્રીજે પુરૂષ નાન્યતર જાતિ એકવચન. તારાથી અધ્યાહાર કર્તા ટટ્ટુ કર્મ, કર્મણિ પ્રયોગ.

તો=ઉભયાન્વયી અવ્યય.

મારૂં=પેહેલો પુરૂષ સર્વનામ નરજાતિ છઠ્ઠીનું એક વચન.
મોત=ભાવવાચક નામ નાન્યતરજાતિ પેહેલીનું એકવચન.
જ=ક્રિયાવિશેષણ અવ્યય.
હતું=અકર્મક ક્રિયાપદ હો ધાતુ મૂળભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નાન્યતર જાતિ એકવચન, મોત કર્તા, કર્તરિ પ્રયોગ.

(૧૬.) મોરારને તેનો પાડ માનવો પડ્યો.

મોરારને=વિશેષનામ નરજાતિ ચોથીનું એકવચન.
તેનો=ત્રીજો પુરૂષ સર્વનામ નરજાતિ છઠ્ઠીનું એકવચન.
પાડ=ભાવવાચક નામ નરજાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.
માનવો=કૃદંત નામ (અથવા)
માનવો પડ્યો=સકર્મક ક્રિયાપદ માનવો પડ ધાતુ મૂળભેદ ભવિષ્ય ભૂતકાળ ત્રીજો પુરૂષ નરજાતિ એકવચન, મોરારને કર્તા, પાડ કર્મ, કર્મણિ પ્રયોગ (ટેલર સાહેબનું નાનું વ્યાકરણ કલમ ૯૮.) (અથવા.)
પડ્યો=અકર્મક ક્રિયાપદ કર્તા પાડ.

(૧૭.) તોફાન કરવું રાજારામને ગમે નહિ.

તોફાન=ભાવવાચક નામ નાન્યતર જાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.
કરવું=કૃદંત નામ.
રાજારામને=વિશેષ નામ નરજાતિ ચોથીનું એકવચન.
ગમે=અકર્મક ક્રિયાપદ ગમ ધાતુ મૂળભેદ અનિયમિત વર્તમાનકાળ ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ એકવચન, તોફાન કરવું કર્તા કર્તરિ-પ્રયોગ.
નહિં=ક્રિયાવિશેષણ અવ્યય.

(૧૮.) તેણે ચોખી ના કહી.

તેણે=ત્રીજો પુરૂષ સર્વનામ સામાન્યજાતિ ત્રીજીનું એકવચન.
ચોખી=ગુણવાચક વિશેષણ નારીજાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.

ના=ભાવવાચક નામ નારિજાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.

કહી=સકર્મક ક્રિયાપદ કહે ધાતુ મૂળ ભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નારીજાતિ એકવચન, તેણે કર્ત્તા, ના કર્મ, કર્મણી પ્રયોગ.

(૧૯) મને કશું એ કામ કરવું ન પડે.

મને=પેહેલો પુરૂષ સર્વનામ સામાન્ય જાતિ ચોથીનું એકવચન.

કશું=સામાન્ય વિશેષણ નાન્યતરજાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.

એ=ક્રિયાવિશેષણ અવ્યય,

કામ=સામાન્ય નામ નાન્યતરજાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.

કરવું=કૃદંત નામ.

ન=ક્રિયાવિશેષણ અવ્યય.

પડે=અકર્મક ક્રિયાપદ પડ ધાતુ મૂળભેદ અનિયમિત વર્ત્તમાનકાળ ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ એકવચન ; કરવું કર્ત્તા, કર્તરિ પ્રયોગ.

(૨૦) હજારો વાહણોને જવા જાણે એક મોટો ધોરી રસ્તો હોય.

હજારો=સંખ્યાવાચક વિશેષણ નાન્યતરજાતિ ચોથીનું બહુવચન.

વાહાણોને=સામાન્ય નામ નાન્યતરજાતિ ચોથીનું બહુવચન.

જવા=કૃદંત નામ.

જાણે=સકર્મક ક્રિયાપદ જાણ ધાતુ મૂળભેદ અનિયમિત વર્તમાન કાળ ત્રીજો પુરૂષ સામાન્યજાતિ એકવચન, કોઇ અધ્યાહાર કર્તા, એક હોય કર્મ, કર્તરિ પ્રયોગ (અથવા અકર્તૃક ક્રિયાપદ.)

એક=સંખ્યાવાચક વિશેષણ નરજાતિ પેહેલીનું એકવચન.

મોટો=ગુણવાચક વિશેષણ નરજાતિ પેહેલીનું એકવચન.

ધોરી=ગુણવાચક વિશેષણ નરજાતિ પેહેલીનું એકવચન.

રસ્તો=સામાન્ય નામ નરજાતિ પેહેલીનું એકવચન,

હોય=અકર્મક ક્રિયાપદ હો ધાતુ મૂળભેદ અનિયમિત વર્તમાન કાળ ત્રીજો પુરૂષ નરજાતિ એકવચન. રસ્તો કર્તા, કર્તરિ પ્રયોગ.

(૨૧) ચાલો રમત જોઇએ.

ચાલો=અકર્મક ક્રિયાપદ ચાલ ધાતુ મૂળભેદ અનિયમિત વર્તમાન કાળ બીજો પુરૂષ સામાન્ય જાતિ બહુવચન (તમે) કર્તા કર્તરિ પ્રયોગ.

રમત=સામાન્ય નામ નારીજાતિ બીજીને અર્થે પેહેલીનું એકવચન.

જોઇએ=સકર્મક ક્રિયાપદ જો ધાતુ મૂળભેદ અનિયમિત વર્તમાન કાળ પેહેલો પુરૂષ સામાન્યજાતિ બહુ વચન. આપણે કર્તા, રમત કર્મ, કર્તરિ પ્રયોગ.

(૨૨). ઇ૦ સ૦ ૧૩૯૮ માં તૈમુરે દિલ્લી શેહેર ઉજડ કર્યું.

ઇ૦ સ૦=સામાન્ય નામ નરજાતિ સાતમીનું એકવચન.

૧૩૯૮=સંખ્યાઅનુક્રમ વિશેષણ નરજાતિ સાતમીનું એકવચન.

તૈમુરે=વિશેષ નામ નરજાતિ ત્રીજીનું એકવચન.

દિલ્લી શેહેર=વિશેષનામ નાન્યતરજાતિ બીજીને અર્થે પેહેલીનું એક વચન.

ઉજડ=ક્રિયાવિશેષણ અવ્યય.

કર્યું=સકર્મક ક્રિયાપદ કર ધાતુ મૂળભેદ ભૂતકાળ ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ એકવચન. તૈમુરે કર્તા, દિલ્લી શેહેર કર્મ, કર્મણિ પ્રયોગ.

૨૩ મારે લાડુ જોઇએ.

મારે=પેહેલો પુરૂષ સર્વનામ સામાન્યજાતિ ચોથીનું એકવચન.

લાડુ=સામાન્યનામ નરજાતિ પેહેલીનું એક વચન.

જોઇએ=અકર્મક ક્રિયાપદ જોઇયે ધાતુ મૂળભેદ અનિયમિત વર્તમાનકાળ ત્રીજો પુરૂષ નરજાતિ એક વચન ; લાડુ કર્તા, કર્તરિ પ્રયોગ.

સમાપ્ત.

આએ પુસ્તક મુંબઇ મધે કોટમાં બોરા બજાર સ્ત્રીટમાં નશરવાનજી ધનજીભાઈ સુરતીની દુકાનેથી મળશે.—જથાબંધ લેનારને વાજબી કમીશન આપવામાં આવશે.